સુવિચાર
''શાળા રાષ્ટ્રનું હૃદય છે તે શિક્ષક રાષ્ટ્રનો આત્મા.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૭/૧૧/૨૦૨૫, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ માગશર સુદ-૭ વર્ષ : ૧૬ અંક : ૨૯૨

## રેલ્વેલાઈન પસાર થવાની હોય ઓવરબ્રિજ બને ત્યારે જોઈ લેજો

# વરસડા સર્કલથી નાના માચીયાળાનાં બાયપાસનું અધુરૂ કામ પૂર્ણ કરો

**છેલ્લા ૭ વર્ષથી તૈયાર થયેલ બાયપાસ માર્ગમાં ૪૦૦ મીટર જેટલો માર્ગ વન-વે બનાવાયો**

**ઓવરબ્રિજ ક્યારે બનશે તેનું કોઈ નક્કી ન હોય હવે તો એક બાજુનો છોડી દીધેલ માર્ગ બનાવો**

**ફોરલેન, ડીવાઈડર માર્ગમાં ૪૦૦ મીટર માર્ગ વન-વે થતો હોય અકસ્માતનો ભય**

**સાંસદ, રાજયમંત્રીએ નેશનલ હાઈવે વિભાગ સુધી રજૂઆત કરવી જરૂરી**



અમરેલી, તા. ૨૬

અમરેલીમાં વરસડા રોડ પર વીરહમીરસિંહજી સર્કલથી નાના માચીયાળાસુધીજતોફોરલેનડીવાઈડર માર્ગનું કાર્ય પૂર્ણ થયાને ૭ થી ૮ વર્ષ જેટલો સમય પસાર થયો પરંતુ, વચ્ચે રેલ્વે ફાટક આવતું હોય ઓવરબ્રિજ બનશે તેવી આશામાં ૪૦૦થી ૫૦૦ મીટર જેટલો માર્ગ ફોરલેનને બદલે ટુ લેન બનાવીને છોડી દેવાયો હોય અવારનવાર અકસ્માતની ઘટના બનતી હોય ૪૦૦થી ૫૦૦ મીટરનો માર્ગ બનાવીને સંપૂર્ણ માર્ગ ફોરલેન થવો જરૂરી છે.

જે-તે વખતે માર્ગ-મકાન વિભાગ (સ્ટેટ) ધ્વારા બનેલ માર્ગમાં કયાં અધિકારીએ ૪૦૦થી ૫૦૦ મીટરનો માર્ગ બનાવવાનું છોડી દીધાનું કારણ એ દશાવાયું કે રેલ્વે ફાટક હોવાથી ભવિષ્યમાં ઓવરબ્રિજ બનશે. પણ આજે ૭થી ૮ વર્ષ તથયા હજુ સુધી ઓવરબ્રિજ બન્યો નથી, આગામી પાંચ વર્ષમાં બને તેવી પણ કોઈ શકયતાઓ જોવા મળતી નથી.

અમરેલીનાં સાંસદ તેમજ રાજયમંત્રીએ નેશનલ હાઈવે વિભાગે હવે આ માર્ગ સંભાળી લીધો હોય તેના અધિકારી સમક્ષ અધુરા છોડી દીધેલ માર્ગનું કામ પૂર્ણ કરાવવું જોઈએ તેવી માંગ વાહનચાલકો કરી રહ્યા છે.

## જિલ્લામાં રાનીપશુઓની અવરજવર વધી

# ખાંભાનાં ગીદરડી ગામે યુવક ઉપર સિંહે હુમલો કરતાં ફફડાટ

**દિ'ઉગેને કોઈને કોઈ જગ્યાએ થાય હુમલો**



અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લામાં સિંહ, દીપડા, શિયાળ તથા વરૂ જેવાં વન્ય પ્રાણીઓ હવે માનવ વસ્તીમાં ગામે ત્યારે ઘુસી આવી માનવીઓ અથવા તો પાલતુ પ્રાણીઓ ઉપર હુમલાઓ કરવાનાં બનાવમાં ભારે વધારો જોવાં મળ્યો છે. ત્યારે ગઈકાલે બગસરાના

**અનુસંધાન પાના ૬ ઉપર**

## ચલાલા-અમરેલી માર્ગ ઉપરની ઘટના

# માળીલા ગામ નજીક શ્વાન આડુ પડતા બાઈક સવારને ગંભીર ઈજા

**સારવાર દરમિયાન બાઈક સવારનું મોત નિપજ્યુ**

અમરેલી, તા. ૨૬

ચલાલા ગામે આવેલ રેલ્વે સ્ટેશન રોડ ઉપર રહેતાં રમેશભાઈ ભીખાભાઈ પરમાર નામનાં ૫૫ વર્ષીય વેપારી ગત તા. ૨૫ ના બપોરના આશરે સાડા બાર પોણા એક વાગ્યા દરમ્યાન પોતાના હવાલાવાળુ મોટર સાયકલ નં. જી.જે.-૧૪ એઈ ૦૮૯૪નુ લઈને ચલાલા ગામેથી

**અનુસંધાન પાના ૬ ઉપર**

## અમરેલી જિલ્લામાં રેતી ચોરીનુ દુષણ સોળે કળાએ ખિલ્યુ

# વડિયામાં ૨૭ ટન કરતાં વધુ રેતી ગેરકાયદેસર રીતે ભરીને નીકળેલ ડમ્પરને ઝડપી લેવાયુ

**મામલતદારે ડમ્પર સહિત ૭.૨૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો**



તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ-વડિયા

વડિયા, તા. ૨૬

વડિયા મામલતદાર દ્વારા ગામમાંથી પસાર થતા ખનીજ ભરેલા ડમ્પરને રોકાવી તેમની તપાસ કરતા આ વાહનમા ખનીજ રેતી ભરેલી હોય તે અંગેની રોયલ્ટી પાસ અને પરમીટ માંગતા ડમ્પર ચાલક પાસે ના હોવાથી તેમની સામે બિન અધિકૃત ખનીજના વહન બાબતે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ ડમ્પરમાં કુલ ૨૭.૫ ટન રેતી ભરેલી હોય જેની કિંમત ૨૪૭૫૦રૂપિયા જયારે ડમ્પરની કિંમત ૭ લાખ ગણી કુલ ૭,૨૪,૭૫૦ રૂપિયાનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો હતો અને તે રેતી ભરેલા ડમ્પરને વડિયા પોલીસના હવાલે કરવામાં આવ્યુ હતુ. આ કાર્યવાહીમાં વડિયાના ઈન્ચાર્જ મામલતદાર કેજરભાઈ સિંઘી અને ઈન્ચાર્જ પુરવઠા મામલતદાર કુલદીપસિંહ સિંધવ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. ઈન્ચાર્જ મામલતદારની કાર્યવાહીથી માતેલા સાંઢની જેમ પસાર થતા ખનીજના ડમ્પર ચાલકો અને ખનીજ માફિયાઓમાં ફાફડાટ જોવા મળી રહ્યો છે.

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૨૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,14,400/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૬/૧૧/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

स्वादीष्ट और पौष्टीक आहार के लिए
નારાયણ મુંગફળી તેલ
GROUNDNUT OIL
મગફળીનું 100 % શુધ્ધ સીંગતેલ
બારેમાસ ભરવા માટે શ્રેષ્ઠ
નારાયણ સોલવેક્ષ : ભાવનગર રોડ, એચ.પી.પેટ્રોલ પંપ સામે, અમરેલી. મો. 98244 29044

### અમરેલીની જેમ ગીર સોમનાથ પંથકમાં પણ સમસ્યા

# ગીર ગઢડાનાં પીછવી ગામે સિંહની સમસ્યા : ૨ વર્ષની બાળકીનો કરૂણ અંત

### બાળકીનો મૃતદેહ મળી આવતા અરેરાટી


તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨૬

ગીરગઢડાતાલુકાનાપીછવી ગામે આજે બનેલી ઘટનાએ સમગ્ર વિસ્તારમાંશોકઅનેભયનુંવાદળછવાઈ ગયુંછે. ગામમાંરહેતાખેડૂતપરિવારની બે વર્ષની નાનકડી બાળકી પર સિંહણે હુમલોકરીમોતનેઘાટઉતારીદીધીહતી.

મળતીમાહિતીમુજબમૃતક બાળકીઆરાધ્યાહરસુરભાઈમકવાણા (ઉમર૨વર્ષ) પોતાનાઘરનાફળિયામાં રમીરહીહતી. તેનીમાતાનજીકનાભાગે વાસણ ધોઈ રહી હતી તે સમયે આ અચાનક સિંહણ ફળિયામાં આવી ગઈ હતીઅનેબાળાનેમોમાંપકડીજંગલતરફ ખેંચીલીધીહતી.

ઘટનાની જાણથતા પરિવારજનો તથા ગામલોકોએ તાત્કાલિકશોધખોળશરૂકરીહતી. શોધ દરમિયાનરહેણાંકવિસ્તારથીલગભગ એક કિલોમીટર દુર બાળકીનો મૃતદેહ મળ્યોહતો. મૃતદેહમળીઆવતાગામમાં હાહાકારમચીગયોહતો.

ઘટના અંગે જાણ થતા વન વિભાગ, પોલીસસ્ટાફઅનેફોરેન્સિકટીમ ઘટનાસ્થળેપહોંચીતપાસહાથધરીહતી. આવિસ્તારગીરજંગલવિસ્તારનજીકનો હોવાથીઅહીંયાનિયમિતપણેસિંહદીપડા જોવા મળેલછે. ત્યારેઆઘટનાનેપગલે વનવિભાગધ્વારાપેટ્રોલિંગવધારવામાં આવ્યું છે. આરાધ્યા હરસુરભાઈ મકવાણા નામની બાળકીના મૃતદેહને પોસ્પોર્ટમ અર્થે ગીરગઢડા સરકારી હોસ્પિટલખાતેખસેડવામાંઆવ્યોહતો.

નાના એવા ગામમાં સિંહણે ઘરમાં આવી બાળકીને ફાડી ખાતા વન વિભાગનીકામગીરીપરપણભારેરોષ ફેલાયો છે. આ ગામની આસપાસના વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી સિંહોની વધતી લટારને કારણે બાળકો અને વડીલો બહાર નીકળતા પણ ડર અનુભવી રહ્યા છે. બાળકી પર હુમલો કરી મોત નિપજાવનાર સિંહણને વન વિભાગ ધ્વારા રેસ્કયુ કરી પાંજરે પુરી દેવામાં આવતા ગ્રામજનોએ રાહતના શ્વાસલીધોહતો.

### વન વિભાગે વધારે સાવધાની રાખવી જરૂરી

# બગસરા : હામાપુરમાં બાળકને ફાડી ખાનાર સિંહ પાંજરે પુરાયો

### તમામ ૫ સિંહોને સક્કરબાગ ખાતે ખસેડાયા

અમરેલી, તા. ૨૬

બગસરા પંથકમાં છેલ્લા કેટલાંક સમયથી વન્ય પ્રાણીઓના આંટાફેરા હવે સામાન્ય બની ગયા છે. જેમાં ખાસ કરીને હામાપુર નજીક સિંહોનો વસવાટ હોય, ત્યારે ગઈકાલે એક શ્રમિક પરિવારનાં પાંચ વર્ષીય બાળકને સિંહે ફાડી ખાધાની ઘટના સામે આવતા અરેરાટી પ્રસરી જવા પામી હતી.



આ સિંહના હુમલાથી ખેતમજૂરી કરતા લોકોમાં ભયનો માહોલ છવાયો હતો. આ ઘટનાની જાણ વનવિભાગને કરવામાં આવતાં વનવિભાગ તથા સ્થાનિક પોલીસના પી.આઈ. ગીડા સહિતનો સ્ટાફ હામાપુર ગામે દોડી આવ્યો હતો.

આ ઘટનાં બાદ વનવિભાગે પણ આ માનવભક્ષી બનેલાં સિંહને પિંજરે પુરવા કવાયત હાથ ધરેલ હતી. ત્યારે ગઈકાલ રાત્રીના સમયે કડકડતી ઠંડીમાં વન્ય પ્રાણી સિંહને પિંજરે પુરવા વનવિભાગ તથા સ્થાનિક પોલીસે દોડધામ કરી હતી. ત્યારે આજે વહેલી સવારે હામાપુર ગામની સીમમાંથી વનવિભાગને ૪ પાઠડા સિંહ સાથે ૧ સિંહણ સહિત ૫ સિંહોને વનવિભાગે પાંજરે પૂરવામાં સફળતા મળી હતી.

વનવિભાગના રેસ્ક્યુ બાદ આ તમામ વન્ય પ્રાણીઓને જૂનાગઢ સક્કરબાગ ઝૂ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જયાં આ હામાપુર ગામે બાળકને ફાડી ખાનાર નરભક્ષી સિંહ કોણ છે ? તે અંગે વનવિભાગ સ્કેનિંગ કરી જાણકારી મેળવશે. જયારે હુમલાખોર સિંહ પરિવાર પકડાઈ જતા સ્થાનિકો તથા ખેતમજુર પરિવારમાં હાશકારો થવા પામેલ છે.

### આમ આદમી પાર્ટીએ સ્થાનિક પીઆઈને આવેદનપત્ર પાઠવ્યુ

# બગસરા પંથકમાં સતત ચોરીની ઘટના બનતાં રાત્રિના સમયે પોલીસ પેટ્રોલિંગ વધારવા માંગ

### ગ્રામ્ય અને શહેરી બંને વિસ્તારમાં હોમગાર્ડ મુકવા રજૂઆત

બગસરા, તા. ૨૬

બગસરા શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા ઘણા દિવસોથી ચોરીના બનાવો વધવા લાગ્યા હોય આ બાબતે પોલીસના નબળા પેટ્રોલિંગ બાબતે આમ આદમી પાર્ટી દ્વારા પોલીસને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

મળેલ માહિતી મુજબ બગસરા શહેરી વિસ્તાર તથા તાલુકાના ગામડાઓમાં છેલ્લા ઘણા સમયથી ચોરીના બનાવો વધવા લાગ્યા હતા જેમાં બગસરા, માવજીંજવા, જામકા, હાલરીયા વિસ્તારોમાં રાત્રિના સમયે દુકાનોમાં ચોરીના બનાવો તેમજ બગસરા શહેરમાં સોના ચાંદીના દાગીના તેમજ ઘરવખરીના સામાનની ચોરીની ઘટના છેલ્લા ઘણા દિવસોથી બનવા લાગી છે. પોલીસના રાત્રી સમયમાં નબળા પેટ્રોલિંગ તેમજ હોમગાર્ડની ગ્રામ્ય પંથકમાં ઓછી સંખ્યાને કારણે આ બનાવો બનવા લાગ્યા છે. જેને લીધે આમ આદમી પાર્ટીના કાંતિભાઈ સતાસિયા, રમેશભાઈ સતાસિયા સહિતના આગેવાનોએ પોલીસને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક રાત્રિના સમયમાં પેટ્રોલિંગ વધારવા તેમજ ચોરીના ગુનામાં જવાબદારોને ધરપકડ કરવા માટે કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી છે. છેલ્લા ઘણા સમયથી પોલીસની નબળીકારી કામગીરીને પગલે ચોરો બેફામ બન્યા છે અને ઘર તથા દુકાનોને નિશાન બનાવી રહ્યા છે. આ ઉપરાંત શહેરમાં મન ફાવે તેવી રીતે પાર્કિંગથી ટ્રાફિકની સમસ્યા, રાત્રિના સમયમાં જોરશોરથી વાગતા ડી.જે., સગીર બાળકો દ્વારા બેફામ ચલાવવામાં આવતા મોટર સાયકલ, સહિતના અનેક પ્રશ્નોમાં પોલીસની નબળી કામગીરીને લીધે લોકો પણ ખુબ મુશ્કેલી અનુભવી રહ્યા છે. પોલીસ આળસ ખંખેરી પોતાનું કામ શરૂ કરે તેવું લોકો માંગ કરી રહ્યા છે.

### સોશ્યલ મીડિયામાં આકરી પ્રતિક્રિયા આપી

# અમરેલી ભાજપનાં નેતા ડો. કાનાબારે ગૃહમંત્રીની તરફેણ કરીને ધારાસભ્ય મેવાણીની ઝાટકણી કાઢી

### ધારાસભ્ય મેવાણી ગુજરાતમાં સમ્રાટ નથી માત્ર ધારાસભ્ય છે

અમરેલી, તા. ૨૬

થોડા દિવસોથી કોંગ્રેસનાં ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ ગૃહમંત્રી હર્ષ સંઘવી પર કરેલ શાબ્દિક પ્રહારોને લઈને રાજકારણ ગરમાયુ છે. તે સમયે અમરેલી ભાજપનાં અગ્રણી ડો. કાનાબારે પણ આ પ્રકરણમાં ઝંપલાવ્યુ છે.



તેઓએ સોશ્યલ મીડિયામાં વાયરલ કરેલ એક સંદેશમાં જણાવેલ છે કે, પોલીસના ૫ ટ્કા ઉતારવાની વાતો કરતા અનેક નેતાઓ અગાઉ ખોવાય ગયા છે. પોલીસ તો ત્યાંની ત્યાં છે !

જીગ્નેશભાઈ મેવાણી ભૂલી ગયા છે કે તે કોઈ રાજા કે સમ્રાટ નથી. ગુજરાતના ૧૮૨ પૈકીના એક ચૂંટાયેલા ધારાસભ્ય છે. જનતાએ તેમને કે તેમના પક્ષને રાજયનું શાસન ચલાવવા યોગ્ય પણ ગણ્યા નથી.

આજે સંવિધાન દિવસ છે અને વારંવાર તેઓ બંધારણની દુહાઈ દેતા ફરે છે એટલે તેમને કહેવું પડે કે ભારતના સંવિધાનમાં કયાં એવું લખ્યું છે કે અમુક ભણતર ધરાવનાર જ ધારાસભ્ય કે મંત્રી બની શકે ?

ગુજરાતમાં સૌથી નાની ઉંમરે ધારાસભ્ય બનનાર, સતત ૩ ટર્મથી ચૂંટાતા અને તેમના કરતા ૨૩ ગણીથી વધુ લીડથી જીતેલા અને લોકોની સતત સ્વીકૃતિ પ્રાપ્ત કરનાર ગૃહમંત્રી વિરૂધ્ધમાં બખાળા કાઢવાનું બંધ કરે એ જ ઉચિત ગણાશે.

### સ્થાનિક નગર સેવકની જહેમતથી

# સાવરકુંડલાની શિવશિક્ત સોસાયટીમાં ઉભરાતી ગટરની સમસ્યા દુર થઈ

### સ્થાનિકોમાં રાહતની લાગણી ફરી વળી




સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલા શહેરમાં વોર્ડ નંબર પાંચમાં આવેલ શિવશક્તિ સોસાયટીના બરોબર મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર આગળ ગટરની કુંડી ઘણા સમયથી ઉભરાતી જોવા મળેલ. રસ્તે કા પત્થરની માફક મોટાભાગના ભાવિકો મોં મચકોડીને અહીંથી પસાર થતાં પણ આના હલ વિશે શું કરવું જોઈએ એ બાબતે કશું વિચારતાં નહિ હોય તેવું લાગે છે. જો કે આ મંદિરની બરાબર સામે જ રહેતા મહેન્દ્રભાઈએ થાકી હારીને તંત્રને જાણ કરતાં આ બાબતે આ વોર્ડના સદસ્ય એ અંગત રસ લઈને નગરપાલિકા તંત્ર દ્વારા આ કુંડી જ નહિ પરંતુ આવી ઉભરાતી બે ચાર કુંડીઓ સાફ કરાવી. કામ અઘરૂં હતુ સંસાધનો ટૂંકા હતાં પરંતુ સદસ્યની ધગશ અને કુનેહ તથા સફાઈ કર્મચારીઓની મહેનતને હિસાબે ગટરમાંથી અઢળક ગાળ (કચરો) કાઢીને ગટરને ફરી ભૂગર્ભ દ્વારા વહેતી કરી આપવામાં આવેલ અને આમ આ કુંડી ઉભરાતી બંધ થઈ. આ સોસાયટીમાં જ એક વાડી તરીકે ઉપયોગમાં લેવાતી પટેલ છાત્રાલય પણ આવેલ છે. તો આગળ થોડે દૂર અન્ય જ્ઞાતિવાદી પણ આવેલ છે. અહીંથી વિવાહ સમયે વિવાહોત્સુક વરરાજા વરઘોડોમાં તેમજ સામૈયામાં જાનૈયા પણ પસાર થતાં હોય છે. વળી આ સોસાયટીમાંથી નાગનાથ સોસાયટી તરફ જવાનો આ માર્ગ હોવાથી અહીંથી પસાર થતા અનેક રાહદારીઓ, વિદ્યાર્થીઓ અને વાલીઓ સમેત તમામને હવે રાહત મળી.

આમ નગરપાલિકા તંત્ર અને નગરપાલિકા વિસ્તારના સદસ્યો જો યોગ્ય ધ્યાન આપે તો શહેરની જાહેર સ્ટ્રીટ લાઈટ, ગટર પાણી અને સફાઈની સમસ્યાઓ વત્તાઓછા અંશે સોલ્વ થઈ શકે ખરી.

# ખંભાળાના ગામોમાં ટીબી દર્દીઓને નિઃશુલ્ક પોષણ કીટ અપાઈ



બાબરા, તા. ૨૬

બાબરાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખંભાળાના તમામ ગામોમાં પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત ટીબી દર્દીઓને નિઃશુલ્ક પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું. દાતા અશોકભાઈ હનુભા વાળા દ્રારા દર મહિને ટીબી દર્દી ને પ્રોષણ કિટ સહખર્ચ કીટ વિતરણ કરે ત્યાં સુખપુર સબ સેન્ટર આરોગ્ય કર્મચારી તરીકે ફરજ બજાવે છે. તમે જણાવ્યું છે કે મારાથી દર્દીઓ અને જરૂરીયાતમંદને જેટલી મદદ કરી શકું એટલે કરીશ આ કાર્યમા અધિકારી કર્મચારીઓનો સ્ટાફ સાથે સહકાર મળ્યો હતો.

### દિનપ્રતિદિન ચોરીની ઘટના વધતા ચિંતા

# તસ્કરો બેફામ : રાજુલામાં મોબાઈલ શોરૂમનાં તાળા તોડવામાં આવ્યા

### પાંચ મોબાઈલની ઉઠાંતરી : તપાસ શરૂ



રાજુલા, તા. ૨૬

રાજુલા શહેરમાં આવેલ એસ.ટી. બસ સ્ટેન્ડ નજીકનો એ.ડી એન્ટરપ્રાઈઝ samsung કંપનીના ઓથોરાઈઝ શોરૂમમાં મોડી રાત્રિના અજાણ્યા શખ્સો દ્વારા તાળા તોડી અને ચોરી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. મોડી રાત્રિના આ શખ્સો દ્વારા તાળા તોડી અને આ શોરૂમમાં આ ચોરો પ્રવેશેલા અને મોબાઈલ ચોરવાનો પ્રયાસ કરેલો પરંતુ નવા મોબાઈલ કબાટમાં હોય અને કબાટના તાળા તોડવાનો પ્રયાસ આ ચોરો દ્વારા કરવામાં આવેલો પરંતુ તાળા તૂટેલા નહીં અને ત્યારબાદ આ ચોર દ્વારા જે શોરૂમમાં ગ્રાહકોને બતાડવામાં માટે કંપની તરફથી આપવામાં આવતા ડેમો મોબાઈલ કુલ પાંચ નંગ આ ચોર દ્વારા ચોરી કરવામાં આવ્યા. ત્યારે ઉપરોક્ત ઘટનાની જાણ વહેલી સવારે આ શોરૂમના માલિકને થતા શોરૂમના માલિક દ્વારા રાજુલા પોલીસની આ બાબતે જાણ કરવામાં આવેલી. રાજુલા પોલીસને વહેલી સવારે આ જાણ થતા જ પોલીસની ટીમ ઘટના સ્થળે દોડી આવી અને ત્યારબાદ રાજુલા પોલીસ દ્વારા સી.સી.ટીવીની ફૂટેજના આધારે તપાસ શરૂ કરવામાં આવી અને સીસીટીવી ફૂટેજના આધારે ચોર દ્વારા ચોરી રાત્રિના ૨:૩૦ કલાકની આસપાસ આ ચોર દ્વારા ચોરી કરવામાં પ્રયત્નો કરવામાં આવેલ. ત્યારે આ ચોરીમાં કુલ પાંચ મોબાઈલ samsung Galaxy s25, samsung Galaxy Z fold 7, samsung Galaxy A26, samsung Galaxy A36, samsung Galaxy A56 ચોરી કરી ગયાનું રાજુલા પોલીસમાં જાહેર કરેલ છે.

### ગ્રામજનોને ઉંઘમાં પણ જાગવું પડે તેવી સ્થિતિ

# ધારી : બોરડી ગામે મોડી રાત્રિએ દીપડાનાં આંટાફેરા સીસીટીવી કેમેરામાં કેદ

### દીપડાની ગતિવિધિ સોશ્યલ મીડિયામાં વાયરલ



અમરેલી, તા.૨૬

અમરેલી જિલ્લાના ગીરકાંઠાનાં ગામોમાં અવાર–નવાર સિંહ, દીપડા જેવા રાની પશુઓની અવર–જવર જોવા મળી રહી છે. અને નિર્દોષ નાગરિકો રાની પશુઓના હુમલાનો શિકાર બનતા આવ્યા છે.

દરમિયાન ધારીનાં બોરડી ગામે ગત રાત્રિએ એક દીપડાએ ચુપચાપ પગલે આગમન કરીને મકાનની અગાશી ઉપર આંટાફેરા કર્યાનાં દ્રશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા. અને સોશ્યલ મીડિયામાં સમગ્ર ઘટના વાયરલ થઈ છે.

### પુજનવિધિ બાદ થયો પ્રારંભ

# અમરેલી તાલુકામાં સીસીઆઇ દ્વારા કપાસની ટેકાના ભાવે ખરીદી શરૂ થઈ

### ખેડુતોને ૩૧ ડીસેમ્બર પહેલા નોંધણી કરાવવા જણાવાયુ

અમરેલી, તા. ૨૬

અમરેલી તાલુકામાં સી.સી.આઈ (કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા) દ્વારા ટેકાના ભાવથી કપાસની ખરીદીનો તા. ૨૬/૧૧/૨૫ના રોજ પ્રારંભ કરવામાં આવ્યો. જેમાં સી.સી.આઈ.ના અમરેલી સેન્ટર ઈન્ચાર્જ સચિનભાઈ ઘોરે, માર્કેટયાર્ડના સેક્રેટરી તુષારભાઈ હપાણી તથા સી.સી.આઈના સ્ટાફ દ્વારા આજ રોજ માર્કેટયાર્ડની બાજુમાં આવેલ કાંતિભાઈ વઘાસીયાના હરીકૃષ્ણ કોટનજીન ખાતે ખેડૂતો કપાસ લઈને આવેલ જેની પૂજનવિધિ કરી ખરીદીનો પ્રારંભ કરાવવામાં આવેલ છે તેમજ દરેક ખેડૂતભાઈઓને કે જેને કપાસનું ટેકાના ભાવથી વેંચાણ કરવા માટે રજીસ્ટ્રેશન બાકી હોય તેઓને તા.૩૧/૧૨/૨૦૨૫ પહેલા સરકારની KAPAS KISHAN એપ્લીકેશન મોબાઈલમાં ડાઉનલોડ કરી રજીસ્ટ્રેશન કરાવી લેવા અપીલ કરવામાં આવે છે. તેમ એક અખબાર યાદીમાં માર્કેટયાર્ડના સેક્રેટરી તુષારભાઈ હપાણીએ જણાવેલ છે.



## ક્યાંક સિંહ ક્યાંક દીપડો તો ક્યાંક વળી તસ્કરો ત્રાટકી રહ્યા છે

# અમરેલી જિલ્લામાં તસ્કરો અને રાનીપશુઓએ તરખાટ મચાવ્યો

**મોંઘવારી, મંદી, બેરોજગારીથી પીડિત નાગરિકોને નવી ઉપાધિનો સામનો કરવો પડી રહ્યો છે**

**કરોડો રૂપિયાનો ખર્ચ નાગરિકોની જાન-માલની સુરક્ષા પાછળ થતો હોવા છતાં પણ પરેશાની**

**પોલીસ અને વન વિભાગે રાઉન્ડ ધ કલોક પેટ્રોલિંગ વધારીને નાગરિકોની સુરક્ષા કરવી જરૂરી**

**જિલ્લાનાં જનપ્રતિનિધિઓ પણ નાગરિકોની સુરક્ષા વધારવા અંગે ગંભીર બને**

અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લાનાં ખેડૂતો, શ્રમિકો, બેરોજગાર યુવાનો સહિત સૌ કોઈ આર્થિક સંકડામણ, મોંઘવારી, મંદી, કમોસમી વરસાદ જેવી સમસ્યાથી પીડિત છે. તેવા સમયે હવે સિંહ, દીપડા જેવા રાનુ પશુઓનાં હિંસક હુમલાઓ અને બીજી તરફ તસ્કરો દ્વારા ઘરફોડી ચોરી, દુકાનોમાં ચોરીની ઘટના બનતાં જિલ્લાની જનતા ''જાયે તો જાયે કહા''ની સ્થિતિમાં આવી ગઈ છે.

જનતાના જાનમાલની સુરક્ષા કરવા માટે દર વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ જનતાનાં પરસેવાનાં પૈસાથી થઈ રહ્યો છે. જેમાં પોલીસે માથાભારે શખ્સો, અસામાજિક તત્વો, તસ્કરોથી અને વન વિભાગે સિંહ, દીપડા જેવા રાની પશુઓથી જનતાના જાન-માલની સુરક્ષા આપવાની હોય છે.

પરંતુ, અમરેલી જિલ્લામાં સતત ચોરીની અને રાની પશુઓનાં હુમલાની ઘટના બની રહી હોય જિલ્લાનાં ધારાસભ્યો અને સાંસદે આ બાબતે વહીવટીતંત્રને જરૂરી સુચના આપીને જનતાને સુરક્ષિત કરવા માટેની કોઈ રણનીતિ બનાવવી જરૂરી બની છે.

**જિલ્લા સ્તરીય કાર્યક્રમની પૂર્વ તૈયારીઓ શરૂ કરાઈ**

## અમરેલી ખાતે તા. ૧લી ડિસેમ્બરે ગીતા જયંતીના અવસરે જિલ્લા સ્તરીય ''ગીતા મહોત્સવ'' ઉજવાશે

**જિલ્લા શિક્ષણાધિકારીના અધ્યક્ષ સ્થાને બેઠક મળી**

અમરેલી, તા. ૨૬

અમરેલી ખાતે તા.૧લી ડિસેમ્બરે ગીતા જયંતિના અવસરે જિલ્લા સ્તરીય 'ગીતા મહોત્સવ' યોજાશે.

આ જિલ્લા સ્તરીય કાર્યક્રમના આયોજનની પૂર્વ તૈયારીઓ તંત્ર શરૂ કરવામાં આવી છે, જેના ભાગરૂપે આજે જિલ્લા શિક્ષણ અધિકારી ગોહિલના સ્થાને સંલગ્ન અધિકારીઓ અને સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઈ હતી. જેમાં કાર્યક્રમના સુચારૂ આયોજન સંદર્ભે જરૂરી પરામર્શ કરવામાં આવ્યો હતો.

રાજય સરકાર અને ગુજરાત રાજય સંસ્કૃત બોર્ડના નિર્દેશો મુજબ જિલ્લા કક્ષાનો આ મહોત્સવ જ્ઞાન, આધ્યાત્મિકતા અને સંસ્કૃતિનો ઉત્સવ પણ બની રહેશે. ભારતીય જ્ઞાન પરંપરાને ઉજાગર કરતી સંસ્કૃતિ પ્રદર્શન ઉપર રાખવામાં આવશે. ઉપરાંત શ્રીમદ ભગવત ગીતા અને માનવ જીવન વિશે પ્રેરક ઉદ્બોધન પણ થશે.

ઉલ્લેખનીય છે કે, શ્રીમદ ભગવત ગીતા ગ્રંથને યુનેસ્કો દ્વારા memory Of the world register (વિશ્વ સ્મૃતિ નોંધણી યાદી)માં સ્થાન પામ્યો છે. જે ભારતની જ્ઞાન વારસાની વૈશ્વિક પ્રતિષ્ઠાને વધુ તેજસ્વી બનાવે છે.

**કોંગ્રેસનાં ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીની તરફેણમાં આવ્યા પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણી**

## મારૂ ગુજરાત સંવિધાનનાં રક્ષકોને કાયમી સલામ કરશે અને પાર્ટીનાં ઈશારે નાચનારા સૌના જરૂરથી પટ્ટા ઉતારશે

**સોશ્યલ મીડિયામાં દારૂ, ડ્રગ્ઝનાં દુષણ સામે આકરી પ્રતિક્રિયા આપી**

અમરેલી, તા. ૨૬

અમરેલીનાં પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીએ કોંગ્રેસનાં ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીની તરફેણ કરતો એક સંદેશ સોશ્યલ મીડિયામાં વાયરલ કરેલ છે.



તેઓ જણાવે છે કે, પોલીસને સલામ, પટ્ટાવાળા હરામ મુઠ્ઠીભર બેઈમાનોના ઘર ભરવા માટે લાખો ઈમાનદાર યુવાનોને દારૂ અને ડ્રગ્સના બંધાણી બનાવવાનુ ષડયંત્ર હરગીજ ચલાવી લેવાય નહી, ડ્રગ્સ માફિયા, વ્યાંજકવાદ અને મિલકત માફિયાઓની સિન્ડિકેટે હાલ સમગ્ર ગુજરાતના યુવાધનને વર્ષોથી બાનમા લીધુ છે છતાંય, જયારે કોઈ ઈમાનદારીથી આ ડ્રગ્સ માફિયાઓ વિરૂધ્ધ અવાજ ઉઠાવી રહ્યુ છે ત્યારે, લાગે છે કે શું બધાય બેઈમાનોનુ ટોળુ જ ખુદ માફિયાઓને બચાવવા નિકળ્યુ હશે ? શું માફિયાઓનો માલ ખાઈને નવી પેઢીને બરબાદ કરવા માટે મોકળુ મેદાન મળશે. ? શું મારૂ સંસ્કારી ગુજરાત હવે ડ્રગ્સ માફિયાઓનુ પ્રવેશદ્વાર બનશે. શુ મારા ગુજરાતનો યુવાન હવે ખુદ ડ્રગ્સ માફિયાઓનો ગુલામ બનશે. શું 'સાહેબ'નુ ગુજરાત ખુદ માફિયાઓની જ પીઠ થબ થબાવશે..? શું સંવિધાનની સોગંદ ખાનારા ખુદ જ સરકારની કઠપૂતળી બની જાશે..? શુ ખુદ ઈમાનદાર અધિકારીઓની નોકરી ઉપર જ જોખમ વધારાશે..? શુ ખુદ ઈમાનદારોને ડરાવવા, ધમકાવવા, ફસાવવા અને જેલમા ધકેલવાના ષડયંત્રો રચાતા રહેશે..? શુ હવે સુરક્ષાના પ્રતિક સમાન ટોપી/પટ્ટા ખુદ સરકારી ઉંબરે ગીરવે મુકાવા મજબુર હશે..? ના, ના, ના, હરગીજ નહી.., સંવિધાનની રક્ષા કરે ઈ સિપાહી, પાર્ટીના ઈશારે નાચે ઈ પટાવાળા, મારૂ ગુજરાત સંવિધાનના રક્ષકોને કાયમી સલામ કરશે અને પાર્ટીના ઈશારે નાચનારા સૌના જરૂરથી પટ્ટા ઉતારશે..! ઉડતુ ગુજરાત અટકાવીએ.


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠ્ઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦, પહેલા માળે, ફિરદૌસ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

HONDA સ્ટાફ જોઈએ છે
The Power of dreams સપનાઓ થશે સાકાર...
(૧) વોશીંગ બોય.........03
(૨) હેલ્પર.........03
(૨) મિકેનિક.........03
રસ ધરાવતા વ્યકિતઓએ રૂબરૂ સંપર્ક કરવો
સંપર્ક સમય : સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦, સાંજે ૫:૦૦ થી ૭:૦૦
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી, Mo. 82005 00295, 8000230447
રીઝ્યુમ parikhautomobilesamreli@gmail.com ઉપર મોકલશો

શું તમે હરસ,મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો.સહન ન કરો.સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilo nidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિત્તાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ
20000+ દર્દીઓની તપાસ
3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત / પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

શુદ્ધ ઘી નાં અડદીયા
મગડી ગુંદીનાં લાડુ
ગુલાબ જાંબુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઈ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
MAHAJAN મહાજન કેટરર્સ
ALL CATERING SOLUTIONS
EARLY MORNING BED TEA
BREAKFAST & SECOND BREAKFAST
WEL COME COLDRINKS - ELEVENSES
BRUNCH - LUNCH
AFTERNOON TEA & HIGH TEA
SUPPER - DINNER - LATE NIGHT SNAKES
હાર્દિક ત્રીવેદી
94 285 61 601
શ્યામ ટીવીએસ પાછળ, સ્ટેશન રોડ, અમરેલી.

YAMAHA Revs Your Heart
BOOK NOW TO AVOID FESTIVE RUSH
PRICED NOW AT ₹1,45,190 ₹1,33,132
GST BENEFIT ₹12,058
INSURANCE BENEFIT UP TO ₹6,501
THANK YOU, GST!
FZS-FI HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૯ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
એકાઉન્ટન્ટ..૨
કમ્પ્યુટર ઓપરેટર..૩
હેલ્પર.........૩
માત્ર અનુભવી સંપર્ક કરે
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪ / ૭૪૯૯૯ ૫૨૧૦૪

Hero
A SMART FAMILY-FRIENDLY SCOOTER POWERED FOR A SMOOTH AND EFFICIENT RIDE.
ENGINE | TORQUE | KERB WEIGHT | BRAKES
DESTINI 125
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

### રાષ્ટ્રપતિએ બંધારણના આમુખનું કર્યું વાંચન

# સંસદમાં રાષ્ટ્રપતિ મુર્મૂએ ૯ ભાષામાં બંધારણના અનુવાદનું લોકાર્પણ કર્યુ

## રાષ્ટ્રપતિએ ડિજિટલ રૂપે મરાઠી, નેપાળી, પંજાબી, બોડો, કાશ્મીરી, તેલુગુ, ઓડિયા, અસમિયા અને મલયાલમ જેવી ૯ ભાષામાં બંધારણના અનુવાદનું લોકાર્પણ કર્યુ

નવીદિલ્હી,તા.૨૬

દેશ આજે ૭૬મો બંધારણ દિવસ ઉજવી રહ્યો છે. આ અવસરે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂની અધ્યક્ષતામાં બંધારણ ગૃહના સેન્ટ્રલ હૉલમાં ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૧૧ વાગ્યાથી આયોજિત આ કાર્યક્રમમાં ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા, તમામ કેન્દ્રીય મંત્રી અને બંને ગૃહના સાંસદોએ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં ૯ ભાષાઓમાં બંધારણના અનુવાદનું લોકાર્પણ કરવામાં આવ્યું.

રાષ્ટ્રપતિએ ડિજિટલ રૂપે મરાઠી, નેપાળી, પંજાબી, બોડો, કાશ્મીરી, તેલુગુ, ઓડિયા, અસમિયા અને મલયાલમ જેવી ૯ ભાષામાં બંધારણના અનુવાદનું લોકાર્પણ કર્યું. તેમણે કહ્યું કે, આજના દિવસે આખો દેશ બંધારણના નિર્માતાઓ પ્રતિ આદર વ્યક્ત કરે છે. હું બંધારણ દિવસના આ ઐતિહાસિક અવસર પર તમારી વચ્ચે ઉપસ્થિત રહીને ખૂબ પ્રસન્નતા અનુભવું છું. ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના દિવસે બંધારણ ભવનના આ કેન્દ્રીય કક્ષમાં બંધારણ સભાના સભ્યોને ભારતના બંધારણના ડ્રાફ્ટને તૈયાર કરવાનું કાર્ય પૂર્ણ કર્યું હતું. તે જ વર્ષે આપણે-ભારતના લોકોએ- આપણા બંધારણને અપનાવ્યું હતું.



સંસદના સેન્ટ્રલ હૉલમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ બંધારણના આમુખનું વાંચન કર્યું હતું. ત્યારબાદ રાષ્ટ્રગાનનું ગાવામાં આવ્યું. આ દરમિયાન ઉપરાષ્ટ્રપતિ સી.પી રાધાકૃષ્ણન, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અધ્યક્ષ ઓમ બિરલા, સંસદીય કાર્ય મંત્રી સહિત તમામ અતિથિ હાજર રહ્યા હતા. ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના અધ્યક્ષ સી.પી રાધાકૃષ્ણને આ કાર્યક્રમમાં કહ્યું કે, આ એ દેશવાસીઓની સામૂહિક બુદ્ધિમત્તા, ત્યાગ અને સપનાનું પ્રતીક છે. જેણે સ્વાતંત્ર્યની લડાઈ લડી હતી. મહાન વિદ્વાનો, ડ્રાફ્ટિંગ કમિટિ અને બંધારણ સભાના સભ્યોએ કરોડો ભારતીયોની આશા અને આકાંક્ષાઓને પૂરી કરવા માટે ઊંડા અને દૂરદર્શી વિચાર આપ્યા. તેમના નિઃસ્વાર્થ યોગદાને ભારતને આજે દુનિયાનું સૌથી મોટું લોકતંત્ર બનાવ્યું છે. જમ્મુ-કાશ્મીરમાં અનુચ્છેદ ૩૭૦ દૂર કર્યા બાદ ૨૦૨૪માં આયોજિત ચૂંટણીમાં મોટી સંખ્યામાં થયેલા મતદાને એકવાર ફરી આપણા લોકતંત્રનો વિશ્વાસ દર્શાવ્યો છે. હાલમાં જ થયેલી બિહાર ચૂંટણીમાં ખાસ કરીને મહિલાઓનો ભારે ઉત્સાહ મોટી સંખ્યમાં મતદાને લોકતંત્રના મુગટમાં એક અનમોલ હીરો જડી દીધો છે.

### ગુજરાતને ૧૨૦.૬૫ કરોડની પેનલ્ટી

# જળ જીવન મિશનમાં ગડબડ પર PM મોદીનું કડક વલણ

## જળ શક્તિ મંત્રી સીઆર પાટીલે પણ કહ્યું છે કે દોષિતોને બક્ષવામાં આવશે નહીં

નવી દિલ્હી,તા.૨૬

દરેક ઘરને નળથી જળ પૂરું પાડવાના ઉદ્દેશ્ય ધરાવતા મહત્વાકાંક્ષી જળ જીવન મિશનમાં ગેરરીતિઓની ફરિયાદો બાદ, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અનેક રાજ્યોમાં કડક વલણ અપનાવ્યું છે. માહિતી અનુસાર, PM નરેન્દ્ર મોદીએ જળ શક્તિ મંત્રાલયને જ્યાં પણ ગેરરીતિઓની ફરિયાદો મળી છે ત્યાં કડક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે. વધુમાં, વડા પ્રધાન મોદીએ નિર્દેશ આપ્યો છે કે કેન્દ્ર સરકાર આવા કિસ્સાઓમાં રાજ્ય સરકાર પગલાં ન લે ત્યાં સુધી મિશન માટે પોતાની તરફથી એક પણ પૈસો જારી ના કરે.વડા પ્રધાને સ્પષ્ટપણે કહ્યું છે કે આપણે ભ્રષ્ટાચાર પ્રત્યે શૂન્ય સહિષ્ણુતા સાથે આગળ વધવું જોઈએ અને દોષિતો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. દરમિયાન, જળ શક્તિ મંત્રી સીઆર પાટીલે પણ કહ્યું છે કે દોષિતોને બક્ષવામાં આવશે નહીં. ખરેખર, જળ જીવન મિશનમાં ગેરરીતિઓની ફરિયાદો મળ્યા પછી, તાલીમ પામેલા કેન્દ્રીય ઓડિટ અધિકારીઓ ને સમગ્ર દેશનું ઓડિટ કરવા માટે મોકલવામાં આવ્યા હતા. તેમણે તેમના અહેવાલો સબમિટ કર્યા છે, અને રાજ્ય સરકારોને તેમના અહેવાલોના આધારે કાર્યવાહી કરવા કહેવામાં આવી છે. જેમાં અત્યાર સુધીમાં, ૨૦ રાજ્યો આસામ, છત્તીસગઢ, ગુજરાત, હરિયાણા, ઝારખંડ, કર્ણાટક, કેરળ, લદ્દાખ, મધ્યપ્રદેશ, ઉત્તરાખંડ, મહારાષ્ટ્ર, મણિપુર, મેઘાલય, ઓડિશા, રાજસ્થાન, ત્રિપુરા, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ, પંજાબ અને પશ્ચિમ બંગાળે કેન્દ્ર સરકારને આવી ફરિયાદો પર કાર્યવાહી કરાયેલા અહેવાલો સબમિટ કર્યા છે.

કેન્દ્ર સરકારે ૨૦૧૯ માં જળ જીવન મિશન શરૂ કર્યું હતું, જેનો ઉદ્દેશ્ય પાંચ વર્ષમાં દેશના દરેક ઘરને નળ દ્વારા પાણી પહોંચાડવાનો છે. ગુજરાત ઉપરાંત, કેન્દ્ર સરકારે તમિલનાડુથી ૩ લાખ, ત્રિપુરાથી ૧.૨૨ કરોડ, આસામથી ૫.૦૮ લાખ, મહારાષ્ટ્રથી ૨.૦૨ કરોડ, કર્ણાટકથી ૧.૦૧ કરોડ અને રાજસ્થાનથી ૫.૩૪ કરોડની વસૂલાત શરૂ કરી છે.કેન્દ્ર સરકારે યોજનાના અમલીકરણમાં અનિયમિતતા બદલ ગુજરાતથી ૧૨૦.૬૫ કરોડ દંડની વસૂલાત શરૂ કરી છે અને અત્યાર સુધીમાં ૬.૬૫ કરોડ વસૂલ કર્યા છે. સાત રાજ્યો પર લાદવામાં આવેલા કુલ ૧૨૯.૨૭ કરોડ દંડમાંથી, કેન્દ્ર સરકારે અત્યાર સુધીમાં ૧૨.૯૫ કરોડ વસૂલ કર્યા છે.યોજના માટે પ્રારંભિક ફાળવણી ૩.૬૦ લાખ કરોડ હતી, પરંતુ અત્યાર સુધીમાં ૪.૩૩ લાખ કરોડથી વધુ ખર્ચ કરવામાં આવ્યો છે. આ યોજનાના અમલીકરણમાં કથિત ભ્રષ્ટાચારની ફરિયાદો દેશભર માંથી આવી રહી છે,

જેના કારણે સરકારે જમીની સ્તરે ચકાસણી શરૂ કરી દીધી છે.આ રાજ્યોમાં અનિયમિતતાના ૬૦૭ કેસ ઓળખાયા હતા, અને ૬૨૧ વિભાગીય અધિકારીઓ, ૯૬૯ કોન્ટ્રાક્ટરો અને ૧૫૩ તૃતીય-પક્ષ નિરીક્ષણ એજન્સીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. રાજસ્થાનમાં, એક ભૂતપૂર્વ મંત્રી, મહેશ જોશીની ધરપકડ કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં, ૨૦ અધિકારીઓ, ૧૦ કોન્ટ્રાક્ટરો અને એક TPIA સામે FIR દાખલ કરવામાં આવી છે. આ કેસોમાં એક ભૂતપૂર્વ મંત્રી, ૧૦ અધિકારીઓ અને આઠ કોન્ટ્રાક્ટરોની પણ ધરપકડ કરવામાં આવી છે.માહિતી અનુસાર, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ગુજરાત, કર્ણાટક, હરિયાણા અને મિઝોરમમાં આ કાર્યવાહી કરવામાં આવી છે. વધુમાં, ઘણા રાજ્યોમાં દંડ દ્વારા આશરે ૧૨ કરોડ વસૂલવામાં આવ્યા છે. ૧૨ રાજ્યો એવા છે જ્યાં કોઈ ગેરરીતિ નોંધાઈ નથી જેમાં આંદામાન અને નિકોબાર ટાપુઓ, આંધ્ર પ્રદેશ, અરુણાચલ પ્રદેશ, બિહાર, દમણ દીવ અને દાદરા નગર હવેલી, ગોવા, હિમાચલ પ્રદેશ, લક્ષદ્વીપ, મિઝોરમ, પુડુચેરી, સિક્કિમ અને તેલંગાણાનો સમાવેશ થાય છે .

### ગુજરાતમાં રેલવે લાઈન સહિત રેર અર્થ અંગે મોટો નિર્ણય

# સરકારની ૧૯,૯૧૯ કરોડના પ્રોજેક્ટ્સને મંજૂરી મળી

## આ પ્રોજેક્ટ્સથી લાખો મુસાફરોને સીધો ફાયદો થશે અને મુસાફરીનો સમય નોંધપાત્ર રીતે ઘટશે

નવી દિલ્હી,તા.૨૬

દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને બદલવા માટે કેન્દ્રીય મંત્રીમંડળે એક સાથે ચાર મુખ્ય નિર્ણયો લીધા છે. મોદી સરકારે કુલ ૧૯,૯૧૯ કરોડના પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે, જેમાં મહારાષ્ટ્ર અને ગુજરાતના લોકો માટે ખાસ ભેટ આપવામાં આવી છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આ નિર્ણયો વિશે માહિતી આપી હતી. પુણે મેટ્રો અને રેર અર્થ મેગ્નેટ સાથે, સરકારે બે મહત્વપૂર્ણ રેલ્વે પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે. જેમાં, મુંબઈ નજીક બદલાપુર-કર્જત લાઇન અને ગુજરાતમાં દ્વારકા લાઈનનો સમાવેશ થાય છે. આ નિર્ણય કનેક્ટિવિટી પ્રત્યે સરકારની ગંભીરતા દર્શાવે છે. આ પ્રોજેક્ટ્સથી લાખો મુસાફરોને સીધો ફાયદો થશે અને મુસાફરીનો સમય નોંધપાત્ર રીતે ઘટશે.

કેબિનેટે પુણે મેટ્રો માટે સૌથી મોટું બજેટ ફાળવ્યું છે. પુણે મેટ્રો ફેઝ ૧ ના વિસ્તરણ માટે ૯,૮૫૮ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. આમાં શહેરની અંદર ૩૨ કિલોમીટરની નવી લાઈન નાખવાનો સમાવેશ થશે. આ રૂટ ખરાડીથી ખડકવાસલા અને નાલ સ્ટોપથી માણિક બાગ સુધી ચાલશે. આ પુણેના મેટ્રો નેટવર્કને ૧૦૦ કિલોમીટરથી વધુ વિસ્તૃત કરશે. ટ્રાફિક જામનો સામનો કરી રહેલા પુણેના રહેવાસીઓ માટે આ એક મોટી રાહત છે.ભવિષ્યની ટેકનોલોજીને ધ્યાનમાં રાખીને, સરકારે રેર અર્થ પરમેનન્ટ મેગ્નેટ (REPM) યોજના પસાર કરી છે. આ માટે ૭,૨૮૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. તેનો ઉદ્દેશ્ય ભારતમાં હાઈ-ટેક મેગ્નેટનું ઉત્પાદન કરવાનો છે. આ મેગ્નેટનો ઉપયોગ ઈલેક્ટ્રિક વાહનો અને મોબાઈલ ફોનમાં થાય છે. હાલમાં, આપણે આ માટે અન્ય દેશો પર નિર્ભર છીએ. આ નિર્ણય ભારતને આત્મનિર્ભર બનાવશે.

ગુજરાતના યાત્રાળુઓ માટે પણ સારા સમાચાર છે. સરકારે ઓખાથી કનાલુસ રેલવે લાઈનને ડબલ કરવાની મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ પર ૧,૪૫૭ કરોડ (૧૪.૫૭ અબજ)નો ખર્ચ થશે. ૧૫૯ કિલોમીટર લાંબી આ લાઈન દેવભૂમિ દ્વારકા જતી ટ્રેનોની સંખ્યામાં વધારો કરશે. આ લાઈનને ડબલ કરવાથી માલગાડીઓ પણ ઝડપથી દોડશે, જે પ્રદેશના વિકાસમાં એક સીમાચિહ્નરૂપ બનશે. મુંબઈ નજીક રહેતા લોકો માટે આ મહત્વપૂર્ણ સમાચાર છે. કેબિનેટે બદલાપુર અને કર્જત વચ્ચે ત્રીજી અને ચોથી લાઈનને મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટનો ખર્ચ ૧,૩૨૪ કરોડ થશે. હાલમાં, ફક્ત બે લાઈન છે, જે ભારે ટ્રાફિકનું કારણ બને છે. નવી લાઈનો લોકલ ટ્રેનો અને માલગાડીઓને અલગથી દોડવાની મંજૂરી આપશે. આ મુંબઈ લોકલ મુસાફરો માટે મુસાફરી સરળ બનાવશે અને ટ્રેન મોડી થવાની સ્થિતિને અટકાવશે. આ ચાર નિર્ણયો પર સરકાર કુલ ૧૯,૯૧૯ કરોડ ખર્ચ કરી રહી છે. આ એક જ દિવસમાં લેવાયેલો મહત્વપૂર્ણ નિર્ણયો છે. તેમાં રેલવે અને મેટ્રો બંનેને ધ્યાનમાં લેવામાં આવ્યા છે. બદલાપુર અને પુણે પ્રોજેક્ટ મહારાષ્ટ્ર માટે ગેમ-ચેન્જર છે. રેર અર્થ યોજના દેશની ટેકનોલોજીને નવી દિશા આપશે. અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ્સ સમયસર પૂર્ણ કરવામાં આવશે.

### ૨૯ નવેમ્બરથી તાપમાનમાં વધારાની શક્યતા

# દિલ્હી-એનસીઆરમાં છેલ્લા ૨૪ કલાકમાં હવામાનમાં થોડો ફેરફાર થયો

## શરૂઆતમાં પવનની ગતિ ૮ કિમી પ્રતિ કલાકની આસપાસ હતી, જે હવે વધીને ૧૨ કિમી પ્રતિ કલાક થઈ ગઈ છે

નવી દિલ્હી,તા.૨૬

દિવસ સામાન્ય હોવા છતાં, લોકોએ થોડી ઠંડીનો અનુભવ કર્યો. તાપમાનમાં ખાસ ઘટાડો થયો નથી, પરંતુ બુધવારથી મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થવાની ધારણા છે. આજે લઘુત્તમ તાપમાન ૮ થી ૯ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૨૩ થી ૨૪ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની ધારણા છે. સવારે હળવા ધુમ્મસની અપેક્ષા છે અને દશ્યતા ઓછી રહેવાની શક્યતા છે. લગભગ ૬૦% જિલ્લાઓમાં વાર્ષિક PM ૨.૫ સ્તર ભારતીય ધોરણોથી ઉપર છે. ૭૪૯ જિલ્લાઓમાંથી, ૪૪૭ અનુમતિપાત્ર મર્યાદાથી ઉપર છે. ૫૦ સૌથી પ્રદૂષિત જિલ્લાઓમાં દિલ્હી અને આસામના ૧૧ જિલ્લાઓનો સમાવેશ થાય છે.

રાત્રે ઠંડા પવનો ચાલુ રહેશે, જે રાત્રિના તાપમાનમાં વધુ ઘટાડો કરી શકે છે. દિવસ દરમિયાન સૂર્યપ્રકાશ દેખાશે, પરંતુ તેની તીવ્રતા પાછલા દિવસો કરતા થોડી ઓછી હશે. દિલ્હી, નોઈડા, ગાઝિયાબાદ, ગુરુગ્રામ અને ગ્રેટર નોઈડામાં AQI ગરીબથી ખૂબ જ ખરાબ શ્રેણીમાં રહે છે. દિલ્હીમાં AQI ૩૦૬, નોઈડા ૨૯૧, ગાઝિયાબાદ ૩૦૫, ગુરુગ્રામ ૧૯૭ અને ગ્રેટર નોઈડા ૩૫૫ ની આસપાસ રહે છે. પરિણામે, હવાની ગુણવત્તા સાથે તાપમાન રહેવાસીઓ માટે ચિંતાનો વિષય રહે છે.

ભારતીય હવામાન વિભાગ અનુસાર, ૨૬ નવેમ્બરથી ૧ ડિસેમ્બર વચ્ચે હવામાન ધીમે ધીમે બદલાશે. ૨૯ નવેમ્બરથી તાપમાન ફરી વધવાનું શરૂ થઈ શકે છે. મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ૧ થી ૨ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી છે. આનો અર્થ એ છે કે ડિસેમ્બરની શરૂઆત તીવ્ર ઠંડીથી નહીં થાય. ૧ ડિસેમ્બર સુધી હવામાન લગભગ સમાન રહેશે, અને ઠંડીમાં કોઈ તીવ્ર ઘટાડો થવાની શક્યતા નથી. ડિસેમ્બર મહિનો પણ સામાન્ય અને હળવા ગરમ તાપમાન સાથે શરૂ થવાની ધારણા છે.

દેશમાં વાયુ પ્રદૂષણ ચિંતાજનક સ્તરે પહોંચી ગયું છે, લગભગ ૬૦% જિલ્લાઓ વાર્ષિક PM ૨.૫ સ્તર ભારતીય ધોરણો કરતાં વધુ દર્શાવે છે. ૭૪૯ જિલ્લાઓમાંથી ૪૪૭ જિલ્લાઓ માન્ય મર્યાદા કરતાં વધુ છે. દિલ્હી અને આસામ દરેક ૫૦ સૌથી પ્રદૂષિત જિલ્લાઓમાં ૧૧ જિલ્લાઓનો સમાવેશ કરે છે. સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એર (CREA) ના સેટેલાઈટ ડેટા પર આધારિત એક નવા રિપોર્ટમાં ગંગાના મેદાનોને દેશના સૌથી પ્રદૂષિત પટ્ટા તરીકે ઓળખવામાં આવ્યા છે, જ્યાં શિયાળા, ઉનાળા અને ચોમાસા પછી પણ પ્રદૂષણ ચાલુ રહે છે.

ઉત્તરપૂર્વમાં, આસામ અને ત્રિપુરા ઝડપથી નવા પ્રદૂષણ હોટસ્પોટ તરીકે ઉભરી રહ્યા છે. રિપોર્ટમાં જણાવાયું છે કે દિલ્હીનું વાર્ષિક PM ૨.૫ સ્તર ૧૦૧ મિલિગ્રામ/ સેમી સુધી પહોંચી ગયું છે, જે WHO ધોરણો કરતા લગભગ ૨૦ ગણું વધારે છે. આ ઉપરાંત, ત્રિપુરા, પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, મેઘાલય અને ચંદીગઢના તમામ જિલ્લાઓમાં, ચોમાસા સિવાય સમગ્ર વર્ષ દરમિયાન પ્રદૂષણ ધોરણોથી ઉપર રહે છે.

### ત્રણ કિમીની રેલી અગાઉ મમતાનું સંબોધન

# ચૂંટણી પંચ હવે ભાજપ કમિશનમાં ફેરવાઇ ગયું છે : મમતા બેનર્જી

## ૨૦૨૬ની બંગાળ વિધાનસભા ચૂંટણી પહેલા બે મહિનાની અંદર બળજબરીથી આ કવાયત ઉતાવળમાં શા માટે પૂર્ણ કરાઇ રહી છે?

પશ્ચિમ બંગાળ,તા.૨૬

પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનર્જીએ મંગળવારે મતદાર યાદીમાં ચાલી રહેલા એસઆઈઆર માટે ચૂંટણી પંચની ટીકા કરી હતી અને દાવો કર્યો હતો કે રાજ્યના મતુઆ બહુમતીવાળા વિસ્તારોના મતદારો જો નાગરિકતા સંશોધન એક્ટ હેઠળ પોતાને વિદેશી જાહેર કરે છે તો તેમને તરત જ ડિલિસ્ટ કરી દેવામાં આવશે.ઠાકુરનગર સુધી ત્રણ કિલોમીટર સુધીની રેલી અગાઉ લોકોને સંબોધતા મમતાએ વચન આપ્યું હતું કે જો બંગાળમાં તેમને પડકારવામાં આવશે તો સમગ્ર દેશમાં ભાજપના પાયાને હચમચાવી નાખવામાં આવશે. મુખ્યપ્રધાને જણાવ્યું હતું કે માનવીનાં પ્રાણ ખૂબ જ મૂલ્યવાન છે. તેમણે લોકોને અપીલ કરી હતી કે એસઆઈઆરના ભયથી આત્મહત્યા ન કરે. તેમણે દાવો કર્યો હતો કે વોટર રિવિઝન પ્રોસેસ અંગે ફેલાયેલા ભયને કારણે અગાઉ જ ૩૫-૩૬ મોત થઈ ગયા છે જેમાં આત્મહત્યા પણ સામેલ છે.એસઆઈઆર પ્રક્રિયાને અવ્યવસ્થિત ગણાવતા મમતાએ જણાવ્યું હતું કે ડ્રાફ્ટ યાદીઓ ચૂંટણી પંચ અને ભાજપ દ્વારા સર્જાયેલી વિનાશક પરિસ્થિતિ દર્શાવશે.મુખ્યપ્રધાને આરોપ મૂક્યો હતો કે ચૂંટણી સંસ્થા ભાજપ કમિશનમાં ફેરવાઈ ગઈ છે જે દિલ્હીના સૂચનો પર કાર્ય કરી રહી છે અને તે એઆઈને હેરફેરના સાધન તરીકે ઉપયોગ કરશે. તૃણમુલ સુપ્રીમોએ વધુમાં જણાવ્યું હતું કે જો એસઆઈઆર બે કે ત્રણ વર્ષમાં હાથ ધરવામાં આવશે તો તેઓ તેને ટેકો આપશે. તેમણે આશ્ચર્ય વ્યક્ત કર્યુ હતું કે ૨૦૨૬ની બંગાળ વિધાનસભા ચૂંટણી પહેલા બે મહિનાની અંદર બળજબરીથી આ કવાયત ઉતાવળમાં શા માટે પૂર્ણ કરવામાં આવી રહી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે બિહાર ચૂંટણી એસઆઈઆરનું પરિણામ હતું કારણકે વિપક્ષ ત્યાં ભાજપની રમતનું મૂલ્યાંકન કરી શક્યુ ન હતું.

# આત્મઘાતી હુમલાખોર ઉમરને શરણ આપનાર યુવક અરેસ્ટ

નવીદિલ્હી,તા.૨૬

દિલ્હીના લાલ કિલ્લા નજીક થયેલા કાર બોમ્બ બ્લાસ્ટના મામલે NIA(નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી)એ મોટી સફળતા મેળવી છે. આતંકવાદી ડૉક્ટર ઉમર-ઉન-નબીને આશ્રય પૂરો પાડનાર એક વધુ શખ્સની ધરપકડ કરવામાં આવી છે. NIAએ ફરીદાબાદના ધૂજ વિસ્તારમાં રહેતા શોએબ નામના આ શખ્સની ધરપકડ કરી છે. આ ધરપકડ સાથે જ, સમગ્ર કેસમાં ઝડપાયેલા આરોપીઓની કુલ સંખ્યા ૭ થઈ ગઈ છે.NIAની તપાસમાં આ વિગતો બહાર આવી છે કે, ૧૦ નવેમ્બરના રોજ દિલ્હીમાં કાર બોમ્બ બ્લાસ્ટ થયો તે પહેલાં આરોપી શોએબે આતંકવાદી ઉમરને લોજિસ્ટિક સપોર્ટ પૂરો પાડ્યો હતો. આ ભયાનક હુમલામાં ૧૫ લોકોએ જીવ ગુમાવ્યો હતો અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા હતા. આ ષડયંત્રના મૂળ સુધી પહોંચવા માટે સુરક્ષા એજન્સી દ્વારા સ્થાનિક પોલીસ સાથે મળીને અનેક રાજ્યોમાં સતત દરોડા પાડવામાં આવી રહ્યા છે અને ઊંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે. દિલ્હી બ્લાસ્ટ કેસમાં ટ્રેંછ દ્વારા ધરપકડ કરાયેલા ૭ લોકો ૧. આમિર રાશિદ અલી(પુલવામાના પમ્પોરથી) ૨. જાસિર બિલાલ વાની (અનંતનાગથી) ૩. ડૉ. મુઝમ્મિલ શકીલ (પુલવામાથી) ૪. ડૉ. અદીલ અહેમદ (અનંતનાગથી) ૫. ડૉ. શાહીન સઈદ (લખનઉથી) ૬. મુફ્તી ઈરફાન અહેમદ (શોપિયાંથી) ૭. શોએબ (ફરીદાબાદના ધૌજથી)શોએબે આપ્યો હતો આતંકીને આશ્રય સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ધરપકડ કરાયેલો શોએબ અલ-ફલાહ યુનિવર્સિટીમાં વોર્ડ બૉય તરીકે કાર્યરત હતો. તે આતંકવાદીઓ ઉમર અને મુઝમ્મિલને અગાઉથી જ સારી રીતે ઓળખતો હતો, કારણ કે તે મેવાત વિસ્તારમાંથી દર્દીઓને તેમની પાસે સારવાર માટે લઈ જતો હતો. શોએબે આતંકવાદી ઉમરને નૂંહમાં તેની સાળીના ઘરે રોકાવવાની સગવડ પૂરી પાડી હતી. આ ઉપરાંત, તેણે ઉમરને અન્ય સ્થળોએ આશ્રય આપવાની સાથે જરૂરી લોજિસ્ટિક મદદ પણ પૂરી પાડી હતી.

# રાષ્ટ્રીય સ્તરના યુવા બાસ્કેટબોલ ખેલાડી હાર્દિક રાઠીના અકાળે અવસાન

હરિયાણા,તા.૨૬

રાષ્ટ્રીય સ્તરના યુવા બાસ્કેટબોલ ખેલાડી હાર્દિક રાઠીના અકાળ અવસાનથી રાજ્યમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. યુવા ખેલાડીને શ્રદ્ધાંજલિ આપવા માટે, ઓલિમ્પિક એસોસિએશને આગામી ત્રણ દિવસ સુધી હરિયાણામાં કોઈપણ રમતગમતના કાર્યક્રમોનું આયોજન ન કરવાનો નિર્ણય લીધો છે. હાર્દિક રાઠી રોહતકના લખન માજરા ગામનો રહેવાસી હતો.આ ઘટના ત્યારે બની જ્યારે હાર્દિક બાસ્કેટબોલ રમી રહ્યો હતો અને અચાનક તેના પર બાસ્કેટબોલનો પોલ પડી ગયો. સીસીટીવી ફૂટેજમાં આ દુઃખદ ઘટના કેદ થઈ ગઈ. રમતગમત જગત અને તેનો પરિવાર આ ઘટના પર શોક વ્યક્ત કરી રહ્યો છે. ઘટનાસ્થળે હાજર અન્ય ખેલાડીઓએ પણ પોલ હટાવીને હાર્દિકને રાહત આપવાનો પ્રયાસ કર્યો.ઓલિમ્પિક એસોસિએશને હવે જાહેરાત કરી છે કે તે ત્રણ દિવસ સુધી રાજ્યમાં કોઈપણ રમતગમતના કાર્યક્રમોનું આયોજન કરશે નહીં. દરમિયાન, સોશિયલ મીડિયા સહિત રમતગમતની દુનિયામાં, એક યુવાન ખેલાડીના મૃત્યુ માટે કોણ જવાબદાર છે તે અંગે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. વપરાશકર્તાઓ આ મુદ્દા પર વિવિધ રીતે ટિપ્પણી કરી રહ્યા છે. બધા હરિયાણામાં રમતગમત પ્રતિભા સાથે થયેલા ખરાબ વર્તનને દોષી ઠેરવી રહ્યા છે.

### મતદાર યાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત

# અમરેલી જિલ્લાની પાંચ વિધાનસભાના વિસ્તારના ૮ લાખથી વધુ એન્યુમરેશન ફોર્મ ડિજિટાઇઝ થયા : ૬૪ ટકા કામગીરી પૂર્ણ

## તમામ મતદારોને પોતાનું ફોર્મ સત્વરે જમા કરાવી BLOને સહકાર આપવા જિલ્લા કલેક્ટરનો અનુરોધ

અમરેલી, તા.૨૬

ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીના દ્વારા તા.૧/૧/૨૦૨૬ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્મ–૨૦૨૬ જાહેર કરવામાં આવ્યો છે. જે તા.૨૮/૧૦/૨૦૨૫ થી શરૂ થઈ તા.૭/૨/૨૦૨૬ સુધી જાહેર થયો છે.

અમરેલી જિલ્લામાં સમાવિષ્ટ કુલ ૫ વિધાનસભા મતદાર વિભાગ (૯૪–ધારી, ૯૫–અમરેલી, ૯૬–લાઠી, ૯૭–સાવરકુંડલા તથા ૯૮–રાજુલા)ના કૂલ ૧૨૭૧૩૭૫ મતદારોના એન્યુમરેશન ફોર્મ વિતરણ કરવામાં આવ્યું છે, જે પૈકી ૮ લાખથી વધુ ફોર્મ બી.એલ.ઓ. દ્વારા પરત મેળવી તેમને ડિજિટાઈઝ કરવામાં આવેલ છે. આમ, આ કામગીરી અમરેલી જિલ્લામાં હાલ ૬૪.૧૭% પૂર્ણ કરવામાં આવી છે. બાકી રહેતા ફોર્મ પરત મેળવવાની કામગીરી ચાલુમાં છે. જે ફોર્મ સત્વરે પરત મેળવી તેને પણ ડિજિટાઈઝ કરવામાં આવશે.

આ ઉપરાંત જે મતદારોએ ફોર્મ પરત જમા કરાવેલ નથી, તેવા મતદારો પોતાના ફોર્મ આગામી તા.૨૯/૧૧/૨૫ તથા તા. ૩૦/૧૧/૨૫ના રોજ સંબંધિત મામલતદાર કચેરીઓ ખાતે જમા કરાવી શકશે. વહીવટી તંત્ર તરફથી આ માટે મામલતદાર કચેરીઓ ખાતે જરૂરી વ્યવસ્થા કરવામાં આવનાર છે. આથી અમરેલી જિલ્લાના સામાન્ય રહિશ હોય તેવા તમામ મતદારોને પોતાનું ફોર્મ સત્વરે જમા કરાવી BLOને સહકાર આપવા માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર, અમરેલી દ્વારા અનુરોધ કરવામાં આવે છે. તેમ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીની યાદીમાં જણાવ્યું છે.

## શાખાનાં પુષ્પો

દિલ્હીનો એક વેપારી અત્તર વેચવા મેવાડની રાજધાની ઉદયપુર આવ્યો હતો. મેવાડના રાજાને અત્તર તો પસંદ આવ્યું પરંતુ મોંઘુ હોવાથી વિચાર કર્યો કે, રાજકોષનું ધન રાજય અને પ્રજાનું છે, મારા શોખ માટે નહીં. આથી તેમણે અત્તર ન ખરીદ્યું. વેપારીને રસ્તામાં રાજાનો સેવક મળ્યો, વેપારીએ કહ્યું અત્તર વેચવા આવ્યો હતો પરંતુ રાજા તો કંગાળ છે, તે અત્યારની કિંમતના આપી શકયા. આ સાંભળી સેવકે અત્તર ખરીદી ઘોડા પર છાંટી દીધું. રાજાને આ વાતની જાણ થતા તેને સેવકને ગુસ્સે થઈને કહ્યું, 'શું તું મને નીચું દેખાડવા માંગે છે ? સેવકે કહ્યું, 'ના મહારાજ ! મેં અત્તર એટલા માટે ખરીદ્યું કારણ કે તે બીજા રાજયમાં આપણી નબળી વાત ન કરે. હવે તે કહેશે કે, મેવાડમાં તો ઘોડા માટે પણ અત્તર ખરીદાય છે. સેવકનો મેવાડ પ્રત્યેનો પ્રેમ જોઈ રાજાએ તેને ઈનામ આપ્યું.

**સોડમ :** રાષ્ટ્રનું સન્માન જાળવી રાખવું એ આપણો નાગરિક ધર્મ છે.

રજુઆત શ્રી અર્જુન ગઢિયા અમરેલી

# ભાજપના ઉમેદવારને ચૂંટો અને તાત્કાલિક ૧૦ લાખ મેળવો

## સાંસદ બંદી સંજય કુમારે ગ્રામ પંચાયત ચૂંટણીમાં તેમના સંસદીય મતવિસ્તાર હેઠળ આવતા ગામોમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારને જીતાડવા માટે અપીલ કરી છે

નવી દિલ્હી,તા.૨૬

કેન્દ્રીય મંત્રી અને કરીમનગરના સાંસદ બંદી સંજય કુમારે ગ્રામ પંચાયત ચૂંટણીમાં તેમના સંસદીય મતવિસ્તાર હેઠળ આવતા ગામોમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારને જીતાડવા માટે અપીલ કરી છે. આ સાથે જ તેમણે કહ્યું કે, 'આ ગામોને ૧૦ લાખ રૂપિયાનું ભંડોળ ફાળવવામાં આવશે.' હવે કેન્દ્રીય મંત્રીનું આ નિવેદન ચર્ચામાં છે. તેલંગાણામાં ડિસેમ્બરમાં ગ્રામ પંચાયતની ચૂંટણીઓ યોજાશે.મંત્રીએ આરોપ લગાવ્યો કે, ભારત રાષ્ટ્ર સમિતિ (BRS) અને કોંગ્રેસની પૂર્વ સરકારોએ સર્વાનુમતે અધિકારીઓની પસંદગી કરતી પંચાયતોને પૈસા આપવાનો વાયદો કર્યો હતો, પરંતુ કોઈ પૈસા નહોતા મળ્યા. તેમણે મંગળવારે મોડી રાત્રે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટમાં મતદારોને આ વખતે આવી ચાલમાં ન ફસાવા વિનંતી કરી છે.પોતાની પોસ્ટમાં તેમણે કહ્યું કે, 'કરીમનગર ગામોઃ ભાજપ સમર્થિત ઉમેદવારને સર્વસંમતિથી ચૂંટો અને વિકાસ માટે તાત્કાલિક ૧૦ લાખ મેળવો. જો કરીમનગર લોકસભા મતવિસ્તારમાં તમારું ગામ સર્વસંમતિથી ભાજપ સમર્થિત સરપંચને ચૂંટે છે, તો હું વિલંબ કર્યા વિના અને કોઈ પણ બહાના કર્યા વિના તે ગામના વિકાસ માટે સીધા ૧૦ લાખ આપીશ.'કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી સંજય કુમારે કહ્યું કે સાંસદ હોવાથી મારી પાસે સાંસદ સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના (MPLADS) હેઠળ ભંડોળ ઉપલબ્ધ છે. સંજય કુમારે કરીમનગરના લોકોને BRS અને કોંગ્રેસના ઝાંસામાં ન આવવા અપીલ કરી અને કહ્યું કે, માત્ર ભાજપ જ પૈસા આપશે.તેમણે ચેતવણી આપી કે, જો 'ભૂલથી' વિપક્ષી ઉમેદવારો જીતશે તો નવું ભંડોળ નહીં મળશે અને કેન્દ્રીય ભંડોળ પણ વિભાજિત થઈ શકે છે. તેલંગાણા રાજ્ય ચૂંટણી પંચે રાજ્યમાં ૧૧, ૧૪ અને ૧૭ ડિસેમ્બરે ત્રણ તબક્કામાં ગ્રામ પંચાયત ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો છે.

### ધારાસભ્ય જનક તળાવીયાની રજુઆત બાદ

# ભૈ વાહ : બાબરાનાં નોંઘણવદર ગામના એપ્રોચ માર્ગનુ કરાશે નવિનીકરણ

### રાજય સરકારે ૧ કરોડની રકમ મંજુર કરી



અમરેલી, તા. ૨૬

લાઠી–બાબરા પંથકના ધારાસભ્ય જનક તળાવીયાના સઘન પ્રયાસોના ફળ સ્વરૂપે બાબરા તાલુકાના નોંઘણવદર ગામના અગત્યના માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજય સરકાર દ્વારા રૂ. ૧ કરોડનો માતબર ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. આ મંજૂરીથી લાંબા સમયથી બિસ્માર હાલતમાં રહેલા આ માર્ગ પરના પ્રવાસીઓ અને સ્થાનિકોને મોટી રાહત મળશે.

નોંઘણવદર ગામનો રોડ આસપાસના અનેક ગામો માટે મુખ્ય પરિવહન માર્ગ તરીકે સેવા આપે છે. રોડની ખરાબ સ્થિતિને કારણે ગ્રામજનોને અવરજવરમાં ભારે મુશ્કેલી પડતી હતી. આ સમસ્યા ધારાસભ્યના ધ્યાન પર આવતા, તેમણે તાત્કાલિક ધોરણે આ માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજય સરકારમાં રજૂઆત કરી હતી.

ધારાસભ્યની રજૂઆતને પગલે માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ રોડના કામ માટે રૂ. ૧ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ ગ્રાન્ટ દ્વારા આ એપ્રોચ રોડનું સંપૂર્ણપણે રીસર્ફેસિંગ કરવામાં આવશે, જેનાથી માર્ગની ગુણવત્તા સુધરશે અને વાહન વ્યવહાર સરળ બનશે.

ધારાસભ્યએ આ અંગે જણાવ્યું હતું કે, "લાંબા સમયથી આ રોડની સ્થિતિ ચિંતાજનક હતી, જેના કારણે લોકોને હાલાકી ભોગવવી પડતી હતી. રાજય સરકારે આ રજૂઆતને પ્રયાને લઈ તાત્કાલિક આટલી મોટી રકમ મંજૂર કરી છે, તે બદલ હું મુખ્યમંત્રી અને માર્ગ–મકાન મંત્રીનો આભાર વ્યકત કરૂ છું. આ રોડનું કામ પૂર્ણ થવાથી નોંઘણવદર તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકોને ઘણો ફાયદો થશે અને તેમનો સમય તથા શ્રમ બચશે."

આ સમાચારથી સમગ્ર પંથકના ગ્રામજનોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. તેઓએ ધારાસભ્યનો આભાર માન્યો હતો અને આ કામગીરી વહેલી તકે શરૂ થાય તેવી આશા વ્યકત કરી હતી.

### ખુલ્લી ગટરનાં સ્થાને ભૂગર્ભ ગટરની કામગીરી

# અરે વાહ : સાવરકુંડલામાં વર્ષો જુની માર્ગની સમસ્યા હવે ભૂતકાળ બની જશે

### ધારાસભ્ય અને પાલિકા પ્રમુખની ઉમદા કામગીરી



સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલા લીલીયા વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના તેમજ નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણીના માર્ગદર્શન હેઠળ સાવરકુંડલા શહેરના વોર્ડ નંબર ૩ માં વર્ષોનો પ્રશ્ન અમૃતવેલ મોલડીનો જુના રસ્તાનો પ્રાણપ્રશ્ન ૨૦૦ જેટલા ખેડૂતોનો આવવા જવાનો મુખ્ય માર્ગમાં જે ખુલ્લી ગટર છે તેને અંડરગ્રાઉન્ડ કરીને રસ્તો સ્વચ્છ કરવાનું કામ ચાલી રહ્યું છે. આ ગટર મોમાઈ માતાના મંદિરથી પંમ્પિગટેશન સુધી નવીલાઈન નાખી વેસ્ટ પાણીને પંપીંગમાં નાખવાનું કામ ચાલી રહ્યું છે.

આ કામનું નિરીક્ષણ કરતા ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ સદસ્ય કમલેશભાઈ રાનેરા, પિયુષભાઈ મશરૂ, ગૌતમભાઈ સાવજ, કેશુભાઈ ચુડાસમા, શહેર ભાજપ મંત્રી હીરેન પરમાર અને મંત્રી મેહુલભાઈ કળથીયા વોર્ડ નં ૩ સંયોજક ચેતનભાઈ પરમાર ,રાજુભાઈ પરમાર, અમીતભાઈ હરસોરા અને ઉકાભાઈ નાકરાણી તેમજ બધા કાર્યકર્તા સાથે મળીને કામ સારી કવોલિટીનું થાય તે માટે સતત પ્રયાસો કરતાં જોવા મળેલ.

# ૧૩ રૂપિયા 'અપશુકન' નહી. રવિરામબાપુ હરિયાણીનું નસીબ બદલનાર પ્રસાદી બની



અમરેલી, તા. ૨૬

સંગીત માત્ર કળા નથી, તે સાધના છે. અને આ સાધનાને જીવનનું ધ્યેય બનાવી દીધી છે. રવિરામબાપુ હરિયાણીએ. આજે સમગ્ર દેશમાં કથા–ગાન કરનાર, હજારો શ્રોતાઓના હૃદયમાં સ્થાન મેળવનાર રવિરામબાપુની શરૂઆત ખૂબ નાની, પરંતુ અત્યંત પ્રેરણાદાયી છે. તેમની જીવનગાથા એ સાબિત કરે છે કે નાની શરૂઆત અને મોટું સપનું–બંને મળીને ચમત્કાર સર્જે છે.

રવિરામબાપુ જણાવ્યું કે હાલ રાજુલા તાલુકાના રાભડા ગામ રહે છે. ગ્રેજયુએટ સુધી અભ્યાસ કરેલો છે. પરિવાર અને મોસાળ બન્ને તરફથી સંગીતનો વારસો મળેલો હતો. પરંતુ સંગીતને જીવનમાં સ્થાન આપવાની શરૂઆત થઈ હતી. ધોરણ ૬થી. તેઓ યાદ કરે છે કે ગામમાં તુલસી વિહાવાનું આયોજન હતું અને ત્યાં તેમણે સૌપ્રથમ વખત ભજન ગાયું હતું. એ ભજન માત્ર એક ગાન નહોતું, પરંતુ સંગીતની તેમની અનોખી યાત્રાનો પહેલો પગથિયો હતો.

અભ્યાસ સાથે તેઓ જુદા જુદા નાના ગામોમાં યોજાતા સ્ટેજ કાર્યક્રમોમાં જોડાતા રહ્યા. નાના મંચો, નાની ભીડ–પણ સપનું હતું મોટું. શરૂઆતમાં માત્ર વાણી રજૂ કરતા હતા, પણધીમે ધીમે ગઝલ, ભજન અને ડાયરા તરફ આગળ વધ્યા. અવાજમાં ભક્તિ, શબ્દોમાં ભાવ અને મનમાં આત્મવિશ્વાસ–આ ત્રણેયે મળીને તેમની ઓળખ બનાવવાની શરૂઆત કરી.

રવિરામબાપુ માટે ભૂલાવી ન શકાય તેવો દિવસ હતો તેમનો પ્રથમ ડાયરો. તે દિવસે તેઓએ ભજન ગાયું હતું અને બદલામાં જિંદગીના પ્રથમ ૧૩ રૂપિયા પ્રસાદી રૂપે મળ્યા હતા. આ ૧૩ રૂપિયા તેમના માટે માત્ર કમાણી ન હતા–એ તો સંગીત પ્રત્યેના વિશ્વાસનો આધાર હતા. તેઓ હસતાં કહે છે, જીવનનું પ્રથમ માન્યતા–પત્ર એ ૧૩ રૂપિયા હતા. આજે પણ એ યાદ આવે તો મનમાં શક્તિ વધી જાય.

આજે તેમની કથા–ગાયનની સુગંધ મુંબઈ, ગુજરાત વિદેશમાં આફ્રિકા તેમજ કેનેડા તેમજ અન્ય અનેક દેશના અનેક વિસ્તારોમાં ફેલાય છે. તેમની શાંતિમય વાણી, ભાવસભર ગાન અને ભગવાન પ્રત્યેની અનન્ય ભક્તિ લોકોને ખૂબ ભાવતી હોવાથી હજારો લોકો તેમની કથા–શ્રવણ કરવા ઉમટી પડે છે.

પરંતુ આ સફળતા પાછળ અસંખ્ય મુશ્કેલીઓ દટાયેલી છે. તેઓ કહે છે કે કયારેક કથા પૂર્ણ થયા પછી લોકો મજાક કરતા–મજા કથા મા આવી–અને હસતાં જતા. આવા પળોમાં મન દુખાતું, પણ હૈયે એક જ વાત બેસી ગઈ હતી. સાધના કરનારને કયારેક તો માર્ગ મળે જ. સંગીતના માર્ગમાં અનેક પહાડો–આર્થિક સંજોગો, ટીકા, અને વ્યાવસાયિક અવરોધ–એવાં આવ્યા, પરંતુ રવિરામબાપુએ કયારેય હાર સ્વીકારી નહીં.

આજે આ તમામ સંઘર્ષો તેમની શક્તિ બની ગયા છે. તેમનો અવાજ માત્ર સંગીત નથી, પરંતુ જીવનના અનુભવોનું પ્રતિબિંબ છે. તેમની કથાઓ માત્ર વાર્તા નહીં, પરંતુ આત્માની શાંતિ આપે એવી સાધના છે.

રવિરામબાપુની જીવનયાત્રા આપણને શીખવાડે છે કે–શરૂઆત કેટલી નાની હોય એ મહત્વનું નથી. મહત્વનું છે સંકલ્પ કેટલો મોટો છે. ૧૩ રૂપિયાથી શરૂ થઈલી યાત્રા આજે હજારો શ્રોતાઓને આધ્યાત્મિક આનંદ આપતી બની છે અને આ જ તેમની સાચી સફળતા છે.

### પરિવાર સુરક્ષા કવચ અંતર્ગત

# સાવરકુંડલામાં મંડપ સંચાલકનાં પરિવારને ચેક અર્પણ થયો

### મંડપ હાયરર્સ એસોસિએશનનું ઉમદા કાર્ય



અમરેલી, તા. ૨૬

ગુજરાત મંડપ હાયરર્સ ઈલેક્ટ્રિકલ એસોસિએશન દ્વારા સંચાલિત પરિવાર સુરક્ષા કવચ યોજનાના ભાગરૂપે ભોજલરામ મંડપ સર્વિસ, સાવરકુંડલાના સ્વ. અનિલભાઈ જયાણીના પરિવારને દિવંગત રાશિ રૂપે કુલ રૂ. ૭,૦૦,૦૦૦ નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

આ દિવંગત રાશિ સહાય સ્વ. અનિલભાઈ જયાણીના ધર્મપત્ની ગં. સ્વ. વર્ષાબેન જયાણીને તા. ૨૩.૧૧.૨૦૨૫, રવિવારના રોજ ગુજરાત મંડપ હાયરર્સ ઈલેક્ટ્રિકલ એસોસિએશનના ટ્રસ્ટી તથા પટેલ મંડપ સર્વિસના માલિક વજુભાઈ ગોલ તથા અમરેલી જિલ્લા મંડપ કોન્ટ્રાક્ટર એસોસિએશનના પદાધિકારીઓના હસ્તે અર્પણ કરવામાં આવેલ હતી.

આ અવસરે વજુભાઈ ગોલે માહિતી આપતાં જણાવ્યું હતું કે એસોસિએશન દ્વારા શરૂ કરાયેલ પરિવાર સુરક્ષા કવચ યોજના સભ્યોના કુદરતી કે આકસ્મિક અવસાનના સંજોગોમાં પરિવારમાં આર્થિક ભાર હળવો થાય તે માટે રચવામાં આવી છે. સભ્ય હયાત ન હોય ત્યારે તેમના પરિવારને આર્થિક મદદરૂપ થવાનો આ નમ્ર તથા કલ્યાણકારી પ્રયાસ એસોસિએશન દ્વારા સતત કરવામાં આવી રહ્યો છે.

આ પ્રસંગે અમરેલી જિલ્લા મંડપ કોન્ટ્રાક્ટર એસોસિએશનના પ્રમુખ ગોરધનભાઈ માદલીયા, ઉપપ્રમુખ બાલુભાઈ માતરીયા, મંત્રી સંજયભાઈ પોકળ, સહમંત્રી જયેશભાઈ સતાણી, સાવરકુંડલા મંડપ એસોસિએશનના પ્રમુખ કૌશિકભાઈ માધવાણી, ચેતનભાઈ જોષી, રાજુભાઈ લાડવા, બકુલભાઈ જયાણી, સફીભાઈ સરવૈયા વગેરે ઉપસ્થિત રહી પરિવારને સાંત્વના આપી ભવિષ્યમાં જરૂર પડે ત્યારે મદદરૂપ થવા ખાતરી આપેલ હતી.

# સાવરકુંડલા : શ્રી મહિલા અધ્યાપન મંદિરની મુલાકાતે જાણીતા સાહિત્યકાર, કેળવણીકાર



સાવરકુંડલા, તા. ૨૬

શ્રી મહિલા અપ્રયાપન મંદિર સાવરકુંડલામાં જાણીતા સાહિત્યકાર, કેળવણીકાર, વાર્તાકારના વિવિધ ક્ષેત્રે નામ ધરાવનાર ડો. રાઘવજી માધડ અને ડા. વાસુદેવ સોઢા પધાર્યા હતા. તેઓએ તાલીમાર્થી બહેનો સમક્ષ પોતાના કાર્યકાળ દરમિયાનના અનુભવો રજૂ કર્યા હતા. ખાસ કરીને પીટીસી અને તેના અભ્યાસક્રમ તથા તાલીમાર્થી બહેનોને જીવન ઘડતર માટેજરૂરી બાબતો અંગે પ્રેરણાત્મક માર્ગદર્શન આપ્યું હતું. ડોક્ટર રાઘવજી માધડ જેઓ 'ફુલછાબ' અને 'દૈનિક ભાસ્કર' ના નિયમિત કોલમિસ્ટ છે, એમણે લેખન, સર્જન વિશે એક વાત કરી હતી. તેમના પુસ્તકો ખાસ કરીને નવલિકા અને નવલકથા જેમને પારિતોષિક પ્રાપ્ત થયા છે, એમને સાહિત્ય વિશે પણ જણાવ્યું હતું.આ બંને મહાનુભાવોના પ્રેરણાત્મક પ્રવચનો તાલીમાર્થી બહેનોને રસમય કરી દીધા હતા.પાઠય પુસ્તક નિર્માણમાં ખૂબ લાંબા સમય કામ કરી ચૂકેલા રાઘવજીભાઈએ આ કાર્ય અંગે પણ માહિતી આપી હતી. ડા. સોઢા સાહેબ દ્વારા સરસ મજાની હાવભાવથી બાલવાર્તા કહી બહેનોને મગ્ન કરી દીધા હતા. આ કાર્યક્રમમાં રજુ થયેલ માહિતી તાલિમાર્થી બહેનોના જીવનમા ખૂબ જ ઉપયોગી થશે. એમ રવિભાઈ જોષીની એક યાદીમાં જણાવાયું હતું.

### આગામી ૮ ફેબુઆરીનાં રોજ

# અમરેલી ખાતે કોળી સમાજ દ્વારા સમુહલગ્નોત્સવ યોજાશે

### માતા–પિતા વિહોણી દિકરીઓનાં લગ્ન નિઃશૂલ્ક

અમરેલી, તા. ૨૬

અમરેલી ખાતે સૌરાષ્ટ્રમાં રહેતા સમસ્ત કોળી સમાજનો ૪૩મો સમુહલગ્ન કોળી શકિત યુવક મંડળ –અમરેલી દ્વારા આયોજન તા. ૮/૨/૨૦૨૬નારોજ કરવામાંઆવેલછે.

માતા–પિતાની છત્રછાય ગુમાવેલ તેમજ વિકલાંગ યુવક–યુવતી દિકરીઓને વિનામુલ્યે લગ્ન સરકાર દ્વારા સમુહલગ્ન સાતફેરા યોજનામાં તથા બાર હજાર તથા લગ્ન રજીસ્ટ્રેશન કરાવી આપવામાંઆવશે. લગ્ન નોંધણી વહેલા તે પહેલા કરવામાં આવશે.

નીચે સરનામે મંડળ પ્રમુખ રમેશભાઈ એસ. ગોહિલ રામ એસ્ટેટ, જુના માર્કેટિંગ યાર્ડ અંદર, હરીરામ હોલસેલ માર્કેટ, દુ.નં.૧૩, પહેલા માળે, અમરેલી ૯૩૭૪૭૩૪૮૨૦ તેમજ પરશોતમભાઈ એન. મકવાણા મો.૯૪૨૮૭૯૮૬૪૭તથારમેશભાઈ આર. ડાભી (ચિતલ) મો. ૯૧૦૪૪ ૧૯૬૪૧ પર સંપર્ક કરવા વિનંતી.

### "કવિ રમેશ પારેખ જન્મદિવસ વિશેષ"

# ગુજરાતી ધામ : છ અક્ષરનું નામ



કવિ રમેશ પારેખ

**" અક્ષરો પાડું, ઘકેલું, ચીતરૂં, ઘૂંટું, ભૂંસું, હું રમું કાગળની વચ્ચે તમને મળવાની રમત"**



યોગેશ ભટ્ટ

(બી.એ.બી.એડ.એમ.બી)

વિદ્યા,જ્ઞાનની દેવી મા શારદાને માનવ દેહમાં પોતાનું ઐર્ય રોપવાનું, સ્થાપવાનું મન થયું હશે ત્યારે અને તેની જ ફલશ્રુતિ સ્વરૂપે તારીખ ૨૭–૧૧–૧૯૪૦ના પાવન દિવસે અમરેલી મુકામે પિતા મોહનલાલ અને માતા નર્મદાબેનના આંગણે કવિ રમેશ પારેખનું અવતરણ થયું..! ગુજરાતી ભાષાની શકવર્તી ઘટના સમાન આ કવિનો પ્રાદુર્ભાવ અને તેનો કવિ કર્મયોગ આપણી માતૃભાષાના પ્રચાર –પ્રસારના યજ્ઞમાં જરૂરી સમિધ, કણીદાર ગોવર્ધન ઘી અને કપૂરનું કામ કરી ગયો છે,કરી રહ્યો છે, અને કરતો જ રહેશે...! ત્યારે આ યુગાન્ધર કવિને તેના જન્મદિવસે કોટી કોટી વંદન.. વહાલા કવિના તમામ ભાવકો, ચાહકોને અભિનંદન.

કવિ રમેશ પારેખ ગુજરાતી ભાષાનો રમ્ય, દિવ્ય અને ભવ્ય પડાવ છે..! આપણા સાહિત્ય નભમાં ધ્રુવ તારાની માફક ચમકતો, શોભતો આ સર્જક પોતાના કવિ કર્મયોગથી જે સંવેદનોની ખેતી કરી ગયો છે, એ ખેતરો યુગો સુધી સદાય લીલાછમ્મ રહેશે..! માતૃભાષાની ઓળખ અને પર્યાય બની ચૂકેલા આ ગજવેલ કવિ વિશે જેટલું પણ વિચારીએ, વાંચીએ, સાંભળીએ, લખીએ, બોલીએ, ગાઈએ કેતેને પોંખીએ. તેમ છતાં સૌને તેમની જાજરમાન રચનાઓ માણવાની નિત્યનૂતન તૃષા અને ક્ષુધા અનુભવાતી જ રહે, સમયચક્રની સાથે તેમની અપાર લોકપ્રિયતાનો ગ્રાફ સતત અને સડસડાટ ઊંચો ચડતો જ રહે, એ જ આ કવિની શબ્દસાધનાની કક્ષા (રેન્જ અને ડેફથ) દર્શાવે છે..! તેમની સાર્થકતા સિદ્ધ કરે છે..! જેની આભા, શોભા અને ઓરા આપણે સે કાયમ અનુભવી રહ્યા છીએ અને અનુભવતા જ રહેશું..!

આ સ્વનામધન્ય કવિ વિશે મકરંદ દવે કહે છે કે : "રમેશની વાણીએ ગુજરાતની આંખો ભીની કરી છે,હોઠ ઉપર હાસ્ય ફરકાવ્યું છે, હૃદયને ભીંજવ્યું છે, કટાક્ષની ધારથી મનને ફટકાર્યું છે, અને પ્રાણને તેજ પાયું છે, રમેશ ગુજરાત પર અમૃતમેઘ બની વરસ્યો છે, વિદ્યુત બની ચમક્યો છે અને દુધિયા વાદળ સમો વિહર્યો છે, અત્યંત કુમાશથી માંડી, અત્યંત કેવત સુધી તેની વાણી વિસ્તરી છે..!" હવે વિચારો કે આ સમર્થ કવિની ક્ષમતાને પુરવાર કરતું આથી વધારે શ્રેષ્ઠ પ્રમાણ બીજું કયું હોઈ શકે..?! એક જ આયખામાં અનેક અનેક જન્મારાઓ જીવી લેનારા આ મહાન કવિ વિશે લખતી વખતે એટલું કાયમ અનુભવાતું રહ્યું છે કે આ લેખો તો માત્ર ઈશ્કૃપા અને કવિ પ્રત્યેની તેના સૌ ચાહકોની, ભાવકોની અનુભૂતિઓની અભિવ્યકિતઓનો જ પડઘો છે, કવિ પ્રત્યેનો પ્રેમભાવમાત્ર છે, જે કાયમ વ્યકત થતો જ રહ્યો છે, ત્યારે આવો સૌ સાથે મળીને રમેશનાં હાથેથી વહેલી ભાવોની ભાગીરથીમાંથી થોડું વિશેષ રસપાન કરીએ.

વિષયોનું અપાર વૈવિધ્ય લઈને, અતાગ ઊંડાણ લઈને ફાટફાટ સર્જન કરનાર, સફળતાની આકાશી ઊંચાઈ અને લોકપ્રિયતાની દોમ દોમ સાહ્યબી (સ્ટારડમ) ભોગવનાર આ કવિ પોતાના કર્મયોગ વખતે કેટલો સહજ, સરળ અને નિખાલસ રહ્યો છે તે પુરવાર કરતી ભગવી રચના 'સુદામાની વિમાસણ' માણીએ :

"હું ગુણપાટનું થીગડું ને તું મખમલનો ગાલીચો રે મેળ આપણો કેમ શામળા થાશે ? તારા ઊંચા મંદિર એમાં ચોખ્ખા લોક ફરે છે મારા પગને બાઝેલા ઘડપણની ધૂળ ખરે છે પગ સવળા પડશે તો મારૂ મન પારોઠું જાશે..! ઘડપણને હું બચપણનું વસ્તર પહેરાવી લાવ્યો, કેવું દૂબળું સગપણ લઈ હું તારે મંદિર આવ્યો ? રેળાયા અક્ષર જેવો હું તું–થી યમ વંચાશે ? મારી ઝાંખી આંખ લખે આંસુથી છેલ્લી લીટી બે ત્રણ મૂઠ્ઠી ઊમળકો હું લાવ્યો ચીંથરે વીંટી કહેને, શું આ ઊમળકાથી મખમલ રગદોળાશે ?"

ત્યારે હરીન્દ્ર દવે આ જ વાતને સાર્થકતાનું પ્રમાણ આપતા લખે છે કે : "સાધના પથના કોઈ સંગીન મુકામે આ કવિ પર કવિતાની દેવી અનરાધાર રીઝી છે, વાણી અને અર્થની આ દેવીએ–વાગીરીએ રમેશના શબ્દોમાં પોતાનો નિવાસ રાખ્યો છે, રમેશ પારેખના પગ આ ધરતી પર છે, પણ આંખો ધરતી બહારના પ્રદેશોને નિહાળે છે, એના દ્રશ્યલોકની સરહદ સ્વપ્નથી મઢી છે, અને એના સ્વપ્ન લોકની સરહદ આધ્યાત્મિકતામાં લીન થાય છે..!"

આપણે સૌએ અર્થમાં ભાગ્યશાળી છીએ કે આપણી માતૃભાષાના આટલા સમર્થ કવિના યુગમાં આપણે જન્મ્યા છીએ, તેમની નખશીખ બેનમૂન રચનાઓનું રસપાન કરી શક્યા છીએ ત્યારે સૌની પરિસ્થિતિઓનું સાંગોપાંગ નિરૂપણ કરતી, દરેકની નબ્જ પારખતી અને પકડતી ર.પા.ની રચનાથી જ સમાપન કરૂ તો :

"સ્વર્ગ લટકાવ્યા કર્યુ મેં ાસમાં તે ખરી પડતું રહ્યું નિઃાસમાં ઝેર પેટે ગટગટાવું છું હવા ઘરનું રૂપાંતર કરૂ કૈલાસમાં દિવસોની ઠેસ વાગે છે સતત, આંખને સૂઝે નહીં અજવાસમાં હાથ છે ને હાથમાં કંઈ પણ નથી ફેર શું છે, સત્ય કે આભાસમાં ? હસ્તરેખાઓએ અટકાવ્યો છતાં હાથ હોમાઈ ગયો રોમાંસમાં પર્વતો ઊંચકીને ફરનારા ચરણ આજ થાકી જાય છે હળવાશમાં ફૂલમાં પણ ફૂલને પામ્યા નહીં ચક્ષુઓ લપસી પડયા અભ્યાસમાં ફકત આવ્યા ટહેલવા અહીંયા રમેશને ચરણ ચોંટી ગયા ઈતિહાસમાં."

માતૃભાષામાં સર્જન કરવાથી માંડીને, માતૃભાષાની ઓળખ બની જવા સુધીની દિવ્ય સફર કરનારા આ અજર – અમર કવિને જન્મદિવસની શુભકામના.. તેમની દિવ્ય ચેતનાની કોટી કોટી વંદન..પ્રણામ.

### જિલ્લા સમાજ સુરક્ષા વિભાગ દ્વારા

# ખાંભાના બીઆરસી ભવન ખાતે ઈલેટ્રીક ટ્રાયસિકલ અને જોયસ્ટિકનું વિતરણ થયું

### દિવ્યાંગ અધિકાર મંચ દ્વારા સહયોગ



ખાંભા, તા.૨૬

ખાંભાના બી.આર.સી. ભવન ખાતે જિલ્લા સમાજ સુરક્ષા વિભાગના જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, સુશ્રી એન.એમ.પુરોહિતના માર્ગદર્શન હેઠળ અને દિવ્યાંગ અધિકાર મંચના સહયોગથી ઈલેકટ્રીક ટ્રાઈસિકલ અને જોયસ્ટિકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ચીફ પ્રોબેશન ઓફીસર રવિરાજસિંહ ખેર, ડો.વિરલ રાવલ, ભદ્રેશભાઈ ડાંગર, પ્રદિપભાઈ પરમાર તેમજ સ્ટાફગણ અને નયનિતસિંહ રાઠોડ, દીપકભાઈ માણકીયા વિગેરે ઉપસ્થિત રહયા હતા.

### જિલ્લાની બાળ પ્રતિભાઓને મળશે ઉડાન

# અમરેલી : જુદી–જુદી વય જુથના બાળકો ૧૩ જેટલી સ્પર્ધાઓમાં ભાગ લઈ શકશે

### તા. ૧૨ ડિસેમ્બર સુધીમાં એન્ટ્રી ફોર્મ જમા કરાવવું

અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લામાં જિલ્લા કક્ષાની બાળ પ્રતિભા શોધ સ્પર્ધા ૨૦૨૫–૨૬નું આયોજન થનાર છે. આ સ્પર્ધામાં જુદા જુદા જૂથમાં ૭ થી ૧૩ વર્ષના બાળકો ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે સંસ્થાઓ કે પ્રાથમિક શાળાઓએ તા.૧૦/૧૨/૨૦૨૫ સુધીમાં એન્ટ્રી ફોર્મ મોકલી આપવાના રહેશે.

રમત ગમત યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવતિઓ વિભાગ ગાંધીનગર હસ્તકની કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગરનાં ઉપક્રમે પ્રતિ વર્ષ યોજાતો જિલ્લા, પ્રદેશ અને રાજયકક્ષા બાળ પ્રતિભા શોધ સ્પર્ધાઓ પૈકી ચાલુ વર્ષે કુલ ૧૩ સ્પર્ધાનું આયોજન જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, અમરેલી દ્વારા થનાર છે. આ સ્પર્ધાની વયમર્યાદા તા. ૩૧/૧૨/૨૦૨૪ના રોજ ૭ વર્ષ થી ૧૩ વર્ષ હોવી જોઈએ.

આ જુદી જુદી સાંસ્કૃતિક સ્પર્ધાઓના 'અ' વિભાગમાં ૭ વર્ષથી ૧૦ વર્ષ સુધીના બાળકો માટે વકૃત્વ, નિબંધ, સર્જનાત્મક કારીગરી, ચિત્રકલા, લગ્ન ગીત, લોકવાદ્ય સંગીત અને એક પાત્રીય અભિનય, 'બ' વિભાગમાં ૧૦ વર્ષથી ઉપર અને ૧૩ વર્ષ સુધીના બાળકો માટે વકૃત્વ, નિબંધ, સર્જનાત્મક કારીગરી, ચિત્રકલા, લગ્ન ગીત, લોકવાદ્ય સંગીત, એકપાત્રીય અભિનય અને 'ખુલ્લો' વિભાગમાં ૭ વર્ષ થી ૧૩ વર્ષનાંબાળ કો માટે દોહા–છંદ– ચોપાઈ, લોકવાર્તા, લોકગીત, ભજન, સમૂહગીત, લોકનૃત્ય વગેરે કૃતિઓ માટે યોજાશે, આ સ્પર્ધામાં ભાગ લેવા માંગતી સંસ્થાઓ/પ્રાથમિક શાળાઓએ તા.૧૦/૧૨/૨૦૨૫ સુધીમાં પોતાની એન્ટ્રી(પ્રવેશ ફોર્મ) જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, બહુમાળી ભવન, પ્રથમ માળ, બ્લોક– સી, રૂમ નં.૧૧૦/૧૧૧, અમરેલી ખાતે રૂબરૂમાં કે ટપાલથી પહોંચતી કરવાની રહેશે. ત્યારબાદ આવનાર એન્ટ્રી(પ્રવેશ ફોર્મ) ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ આવેલ એન્ટ્રીની સંસ્થાના સંચાલકને જાણ કરવામાં આવશે. વધુ માહીતી કચેરીના ફોન નં. ૦૨૭૯૨ ૨૨૩૬૩૦ પરથી મેળવી શકાશે, તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારીની યાદીમાં જણાવ્યું છે.

# અમરેલી જિલ્લા ભાજપ અનુસુચિત જાતિ મોરચા દ્વારા ''સંવિધાન ગૌરવ દિવસ''ની ઉજવણી



ગુજરાત પ્રદેશ ભાજપની સુચના તેમજ જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી જીલ્લા અનુસુચિત જાતિ મોરચાના પ્રમુખ કેશુભાઈ વાઘેલાના નેતૃત્વમાં અમરેલી ખાતે સંવિધાન ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવી. અમરેલી બસ સ્ટેશન ચોકમાં આવેલ ડો. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની પ્રતિમાને ફુલહાર કરી ભાવાંજલિ કરવામાં આવી, અત્રે જીલ્લા ભાજપના મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, પૂર્વ પ્રમુખ શરદભાઈ લાખાણી, જીલ્લા ભાજપ મંત્રી રેખાબેન માવદીયા, કાર્યક્રમના ઈન્ચાર્જ મનોજભાઈ મહીડા, કોષાધ્યક્ષ દીપકભાઈ વઘાસીયા, પ્રદેશ બક્ષીપંચ મોરચાના મંત્રી મયુરભાઈ માંજરીયા, જીલ્લા બક્ષીપંચ મોરચા પ્રમુખ રાજુભાઈ ભુતૈયા, જીલ્લા પંચાયત સદસ્ય મુકેશભાઈ બગડા, નગરપાલિકા પૂર્વ પ્રમુખ અલ્કાબેન ગોંડલિયા, એડવોકેટ પીયુશ શુકલા, કમલેશ સોલંકી, ધીરૂભાઈ વાળા, કાળુભાઈ વાળા, નાથુભાઈ ધાધલ, દેવરાજ બાબરિયા, વિમલ ગૌસ્વામી પ્રવિણાબેન રાઠોડ, પી.ડી. સરવૈયા, વિપુલ ભટ્ટી વગેરે ઉપસ્થિત રહયા હતા. કાર્યકરોએ પુષ્પાંજલિ બાદ રેલી સ્વરૂપે જીલ્લા ભાજપ કાર્યાલયે પહોચી ભારતના બંધારણ પુસ્તકનુ પૂજન કરીયું હતું તેમજ બંધારણનું પાલન કરવાના શપથ લીધા હતા. આ સભામાં ગુજરાત સરકારમાં સમાવિષ્ઠ અનુસુચિત જાતિના નવનિયુકત મંત્રીઓ જેમાં કેબિનેટ મંત્રી પધુમન વાજા, રાજયકક્ષાના મંત્રી (સ્વતંત્ર હવાલો) અને રાજયકક્ષાના મંત્રી દર્શનાબેન વાઘેલાને મહત્વ પૂર્ણ વિભાગોની જવાબદારી સોપાતા તેમને ગર્વ સાથે શુભેચ્છા પાઠવામાં આવી હતી. સંવિધાન ગૌરવ દિન અનુસંધાને અજા. મોરચાના પ્રમુખ કેશુભાઈ વાઘેલાએ સૌને આવકારી સ્વાગત પ્રવચન કરતા ભારતીય જનતા પાર્ટીની પંચનિષ્ઠા પૈકીની એક એટલે સમરસતાની અનુભવસિદ્ધ વાત અસરકારક રીતે કહી હતી. પ્રદેશ બક્ષીપંચ મોરચાના મંત્રી અને એડવોકેટ મયુરભાઈ માંજરીયાએ બંધારણના ઘડતરથી અમલ સુધીની સફરની વિસ્તૃત માહિતી આપી હતી. આ કાર્યક્રમાંના મુખ્ય્ય વક્તા એડવોકેટ નિમિષાબેન પંડયા (નીકુબેન) દ્વારા દેશના સર્વપરી ગ્રંથ એટલે બંધારણ, બંધારણ સભા, બંધારણ સભાના સભ્યો, આપણા એટલેકે નાગરિકોના હકો અને ફરજો, કાયદાઓ, રાષ્ટ્ર પ્રતિ નિષ્ઠા સહીત વિના સેથી મોટા લેખિત બંધારણને સરળ ભાષામાં છણાવટ કરી સમજ આપી હતી. આ કાર્યક્રમના સહ ઈન્ચાર્જ ડેની પરમાર, લલીતભાઈ મારૂ, તાલુકા પંચાયત ચેરમેન પ્રવીણભાઈ ચાવડા, અરવિંદ મેવાડા, કાર્યાલય મંત્રી મહેન્દ્ર ચાવડા, જીલ્લા અનુ. જાતિ. મોરચા મહામંત્રી સંદીપ સોલંકી, રવજીભાઈ ચૌહાણ, એડવોકેટ રીપલ હેલૈયા, પરેશ દાફડા, હિતેશ સોલંકી, આશિષ વાળા, રામજી જાદવ, હીરાભાઈ પડાયા, મધુભાઈ ચાવડા, ભાવેશ વાળોદરા, કેશુભાઈ બગડા, જીગ્નેશ દાફડા, હિંમત ખેતરીયા, ભરત મયાત્રા, પ્રકાશ પરમાર, પ્રવિણ વાળા, હર્ષદ પરમાર, રાજુ સાગઠીયા વગેરે ઉપસ્થિત રહયા હતા તેમજ જીલ્લા ભાજપની અખબારી યાદીમાં જણાવ્યું છે.

### ભારે મહેનત કરીને તૈયાર કરેલ કપાસ બળી જતાં ખેડૂતોમાં ચિંતા

## જુના સાવર ગામનાં ગોડાઉનમાં આગ લાગતાં ૫૦૦ થી ૬૦૦ મણ કપાસ બળી ગયો

### સદ્નસીબે જાનહાનીની ઘટના ન બનતા હાશકારો



સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલાના જૂના સાવર ગામે કપાસના ગોડાઉનમાં આગ લાગવાના બનાવથી દોડધામ મચી હતી.

આ બનાવની હકીકત એવા પ્રકારની છે કે સાવરકુંડલા તાલુકા જુનાસાવર ગામે રહેતા વિનુભાઈ હરજીભાઈ કાનાણીના ગોડાઉનમાં એકાએક આગ લાગવાનો બનાવ બન્યો હતો આ આગ લાગવાના બનાવથી અંદાજે ૫૦૦ થી ૬૦૦ મણ કપાસ બળી ગયો હતો અને આ આગ બનાવ થી જૂના સાવર ગામમાં નાશ ભાગ મચી જવા પામેલ હતો. આ આગનો બનવા વિકરાળ સ્વરૂપ ધારણ કરે તે પહેલાં ફાયર ફાઈટરના મદદથી આગને કાબુમાં લેવામાં આવી હતી. કોઈ જાણ પ્રકારની જાનહાનિ થઈ નથી આ આગ લાગવાનું કારણ જાણવા મળેલ નથી પરતુ આગ કેવી રીતે લાગેલ હતી તે અંગેની તપાસના વિષય બન્યો છે જે આગનો બનાવ બન્યો તે ગોડાઉન પાસે મજૂરો રહેતા હતા પરતુ મજૂરો સવારે ૬ મજૂરી કામે ચાલ્યા હતા અને ત્યાર બાદ ૭ વાગ્યેના સુમારે આગ લાગવાના બનાવ બનેલ હતો.

પાના ૧ ઉપરનું ચાલું **માળીલા ગામ નજીક**

અમરેલી ખાતે દાંતના ડોકટરને બતાવવા માટે જતા હતાં. ત્યારે ચલાલા અને અમરેલી વચ્ચે રોડ ઉપર માળીલા ગામના સ્મશાન પાસે રોડ ઉપર પહોંચ્યાં હતાં તે દરમ્યાન વાડી ખેતરમાંથી રોડ ઉપર ઓચિંતા એક કુતરૂ આડુ પડતા અને મોટર સાયકલ સાથે ભટકાતા સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવતા મોટર સાયકલ સાથે તેઓ રોડ ઉપર પડી જતા માથાના ભાગે ગંભીર ઈજા થતા તેમજ શરીરે નાની મોટી ઈજાઓ થતા તેમને સારવાર માટે ખસેડાયેલ. જયાં તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયાંનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **દામનગરનાં વિકાસ માટે**

રહેલા હતા. જયારે ૫ સભ્યો ગેરહાજર રહ્યા હતા.

આ બેઠકમાં ભાજપના જ સભ્યોએ હોબાળો કરીને પાલિકા પ્રમુખ સાથે તું તું મેં મેં કરી હતી અને વિકાસના કામોમાં ટેન્ડરીંગ પ્રક્રિયા પૂર્ણ થઈ ગયા બાદ રીટેન્ડરીંગ પ્રક્રિયા કરવા માટે પાલિકા પ્રમુખે કારોબારી સમિતિની રચનાનો ઠરાવ કરતા સભ્યો વચ્ચે હો હા દેકારો અને તું તું મેં મેં થઈ હતી.

દામનગર પાલિકામાં સભ્ય દ્વારા રિવરફ્રન્ટના ટેન્ડરીંગ માટે આખો મામલો ગૂંચવાયો હોવાથી પાલિકા પ્રમુખ અને સભ્યો સાથે ઉગ્ર ચર્ચા થઈ હતી. પ્રથમવાર પાલિકામાં સામાન્ય સભામાં પોલીસ બોલાવવાની ફરજ ઊભી થઈ તે અંગે પાલિકા પ્રમુખે સ્પષ્ટતા કરી હતી.

દામનગર પાલિકામાં ટેન્ડરિંગમાં મામલો ગૂંચવાયો હોવાનો સ્વીકાર પાલિકા પ્રમુખે કર્યો હતો અને લોકો આક્ષેપ કરતાં હોય અને નિવેદનો કરતા હોવાનું જણાવ્યું હતું. જયારે પાલિકાના ચીફ ઓફિસર વિજય ડેરે પણ પાલિકામાં પ્રમુખ અને સભ્યો વચ્ચે જીભાજોડી થઈ હોવાનો સ્વીકાર સહજ બાબત ગણાવી હતી.

દામનગર પાલિકામાં ૨ વર્ષ પાલિકા પ્રમુખને વીત્યા બાદ હવે માત્ર અઢી ત્રણ મહિના બાકી હોય ત્યારે કારોબારી સમિતિની રચના કરવાના પાલિકા પ્રમુખના નિર્ણય સામે નારાજ થઈને રિવરફ્રન્ટના ટેન્ડરિંગ પ્રક્રિયા કારણભૂત બની હતી. અને આજે પાલિકાની સામાન્ય સભામાં હોબાળો થયેલો હતો. સભ્યો અને પાલિકા પ્રમુખ વચ્ચે જીભા જોડી થઈ હતી. ત્યારે શિસ્ત બધ્ધ ગણાતી ભારતીય જનતા પાર્ટીના પાલિકાના સભ્યો સામે પક્ષ કાર્યવાહી કરશે કે કેમ તે સવાલ છે ?

પાના ૮ ઉપરનું ચાલું **બાબરાનાં ખંભાળા ગામેથી**

અથવા મિશ્ર) વાળી ખાતરની બેગ વજન ૫૦ કિલો ગ્રામ એક બેગ વાળી કુલ–૨૯૯ બેગ જેની કુલ કિંમત રૂપિયા ૩,૯૪,૬૮૦નો ખાતરનો જથ્થો રાખેલ હોય. તે માલનો જથ્થો ગઢડા તાલુકાના કેરાળા ગામે રહેતા જીગ્નેશભાઈ નામનાં આરોપી પાસેથી લાવી મંગાવેલ હોવાનું તપાસ દરમિયાન ખુલતા બાબરા ખાતે ફર્ટીલાઈઝર ઈન્સ્પેકટર–વ–ખેતી અધિકારી તરીકે ફરજ બજાવતા બી.જે. જેઠવાએ આ બંને આરોપી સામે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **ખાંભાનાં ગીદરડી ગામે**

હામાપુર ગામે એક બાળકને સિંહે ફાડી ખાધાની ઘટનાના પડઘા હજુ સમ્યા નથી. આજે વ્હેલી સવારે વન વિભાગે એક સિંહ પરિવારને પીંજરે પુર્યો છે. ત્યાં આજે સવારે ખાંભા તાલુકાના ગીદરડી ગામના યુવાન પર સિંહે હુમલો કરી દેતાં ઘવાયેલ યુવકને પ્રથમ ખાંભા અને વધુ સારવાર માટે અમરેલીનાં સરકારી દવાખાને ખસેડવામાં આવેલ છે.

આ બનાવમાં સૂત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ અમરેલી જિલ્લાનાં ખાંભા તાલુકાના ગીદરડી ગામે રહેતાં અને ખેતી કામ કરતાં મુકેશભાઈ લખુભાઈ સોલંકી નામનાં ૩૮ વર્ષીય યુવક પોતાની વાડીએ પાણી વળતાં હતાં ત્યારે અચાનક જ એક સિંહ આવી ચડયો હતો અને આ યુવક ઉપર હુમલો કરી દેતાં આ યુવકે રાડારાડ કરી દેતાં આજુબાજુની વાડી ખેતરમાં કામ કરતાં શ્રમિકો દોડી આવતાં આ સિંહ નાશી છૂટયોહતો. સિંહ હુમલો કરી દેતાં ઘવાયેલ યુવકને ૧૦૮ મારફતે પ્રથમ ખાંભા અને વધુ સારવાર માટે અમરેલીનાં સરકારી દવાખાને ખસેડવામાં આવેલ છે.

જો કે, આ બનાવમાં હુમલો કરનાર સિંહ હતો કે દીપડો હતો તે અંગે કોઈ ચોક્કસ વિગત આ યુવક પાસે ના હોય વનવિભાગ ઘટના સ્થળે જઈ તપાસ કર્યા બાદ જ વન્ય પ્રાણી વિશે જાણી શકશે.

### રાજય મંત્રી કૌશિકભાઈ વેકરીયાના પ્રયાસોથી

## અમરેલી તાલુકાના કેરાળામાં પુર સંરક્ષણ દીવાલ માટે રૂા. ૨.૪૯ કરોડના કામની સૈધ્ધાંતિક મંજૂરી મળી

### ગ્રામજનોમાં ખુશીનો માહોલ ઉભો થયો

અમરેલી, તા. ૨૬

અમરેલી, વડિયા–કુંકાવાવ વિધાનસભાના મતવિસ્તારના ધારાસભ્ય અને રાજય કક્ષાના કાયદો અને ન્યાયતંત્ર, ઉર્જા અને



પેટ્રોકેમિકલ્સ, વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રી કૌશિકભાઈ વેકરિયાએ પોતાના મતવિસ્તારના અમરેલી તાલુકાના કેરાળા ગામ ખાતે પુરના પાણીના કારણે થતું નુકસાન અટકાવવા પૂર સંરક્ષણ દીવાલનું કામ તાત્કાલિક ધોરણે મંજૂર થાય એ માટે રાજયના જળસંપત્તિ મંત્રીને જૂઆત કરી હતી. જે અન્વયે રાજય સરકારના જળ સંપત્તિ વિભાગ દ્વારા રૂપિયા ૨,૪૯,૯૮,૮૦૦ લાખના ખર્ચે પૂર સંરક્ષણ દીવાલનું કામ મંજૂર કરવામાં આવ્યું છે.

પૂર સંરક્ષણ દીવાલનું કામ થતા આગામી સમયમાં વિસ્તારની પ્રજાને પૂરના પાણીના કારણે પડતી મુશ્કેલીમાંથી મુકિત મળશે. કેરાળાના ગામના ખેડૂતો અને ગ્રામજનોના હિતાર્થે થનારી આ કામગીરી ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે, એમ રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૫૦ | ૧૨૩૧ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૯૭૦ | ૧૦૫૦ |
| ૩ | ગીરનાર શીંગ | ૧૦૫૦ | ૧૨૭૧ |
| ૪ | શિંગ મોટી | ૭૮૫ | ૧૪૦૦ |
| ૫ | શિંગદાણા | ૧૧૮૦ | ૧૩૨૫ |
| ૬ | તલ સફેદ | ૧૧૨૫ | ૨૫૫૦ |
| ૭ | તલ કાળા | ૨૮૩૦ | ૫૯૯૫ |
| ૮ | તલ કાશ્મીરી | ૧૯૫૦ | ૨૪૫૯ |
| ૯ | બાજરો | ૩૪૦ | ૫૮૧ |
| ૧૦ | જુવાર | ૬૦૦ | ૬૦૦ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૪૮૬ | ૫૯૭ |
| ૧૨ | ઘઉં લોકવન | ૪૮૨ | ૫૭૭ |
| ૧૩ | અડદ | ૮૫૦ | ૧૧૦૦ |
| ૧૪ | ચણા | ૮૭૦ | ૧૧૮૧ |
| ૧૫ | સફેદ ચણા | ૧૦૦૦ | ૧૦૫૦ |
| ૧૬ | છોલે ચણા | ૧૧૦૦ | ૧૭૦૦ |
| ૧૭ | ચોળી | ૭૯૧ | ૭૯૧ |
| ૧૮ | તુવેર | ૯૯૯ | ૧૦૬૦ |
| ૧૯ | કપાસ | ૯૦૦ | ૧૫૫૦ |
| ૨૦ | એરંડા | ૧૦૬૧ | ૧૨૭૨ |
| ૨૧ | જીરૂ | ૩૫૦૦ | ૩૮૮૧ |
| ૨૨ | રાય | ૧૬૨૦ | ૧૬૯૫ |
| ૨૩ | ધાણા | ૧૨૧૨ | ૧૬૬૧ |
| ૨૪ | સોયાબીન | ૬૫૦ | ૮૬૯ |
| ૨૫ | કાંગ | ૫૪૫ | ૫૪૫ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૦ | ૧૩૪૧ |
| ૩ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૩૧૦ |
| ૪ | તલ કાળા | ૪૧૦૦ | ૫૩૮૧ |
| ૫ | જીરૂ | ૩૫૦૦ | ૪૦૭૦ |
| ૬ | કપાસ | ૧૦૫૦ | ૧૫૪૬ |
| ૭ | ઘઉં લોકવન | ૫૧૫ | ૫૭૧ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૩૦ | ૬૦૮ |
| ૯ | બાજરો | ૩૦૦ | ૬૫૨ |
| ૧૦ | અડદ | ૭૦૦ | ૧૧૩૦ |
| ૧૧ | ચણા | ૭૦૦ | ૧૦૩૪ |
| ૧૨ | સોયાબીન | ૮૩૮ | ૮૮૧ |

### લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૭૦ | ૧૫૧૨ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૭૦ | ૧૫૪૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૯૨૦ | ૧૨૩૦ |
| ૩ | મગફળી | ૧૦૧૮ | ૧૩૨૨ |
| ૪ | તલ સફેદ | ૧૬૮૦ | ૨૧૦૦ |
| ૫ | તલ કાળા | ૩૬૬૦ | ૪૪૯૦ |
| ૬ | જીરૂ | ૩૨૨૫ | ૩૮૮૫ |
| ૭ | ઘઉં | ૪૬૫ | ૫૫૫ |
| ૮ | ચણા | ૯૮૫ | ૧૦૯૫ |
| ૯ | અડદ | ૯૧૦ | ૧૨૬૦ |
| ૧૦ | સોયાબીન | ૭૮૫ | ૮૭૫ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૫૦ | ૧૫૨૩ |
| ૨ | ઘઉં લોકવન | ૪૭૨ | ૫૪૧ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૨૬ | ૫૨૯ |
| ૪ | અડદ | ૧૦૮૦ | ૧૧૧૩ |
| ૫ | ચણા | ૧૦૦૦ | ૧૦૭૦ |
| ૬ | ધાણા | ૧૬૫૦ | ૧૭૪૦ |
| ૭ | તુવેર | ૯૨૦ | ૯૨૦ |
| ૮ | લસણ | ૪૭૦ | ૫૪૫ |
| ૯ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૦૧૦ |
| ૧૦ | સોયાબીન | ૬૫૦ | ૯૦૯ |
| ૧૧ | સીંગફાડા | ૧૦૦૦ | ૧૨૨૦ |
| ૧૨ | મગફળી | ૬૦૦ | ૧૧૧૧ |
| ૧૩ | ચણા સફેદ | ૧૦૧૧ | ૧૪૦૫ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૦૧ | ૧૪૫૩ |
| ૨ | કપાસ કોડી | ૮૪૬ | ૧૧૫૧ |
| ૩ | મગફળી | ૮૦૦ | ૧૨૭૦ |
| ૪ | ઘઉં | ૪૬૦ | ૫૨૧ |
| ૫ | ચણા | ૯૬૧ | ૧૦૫૬ |
| ૬ | અડદ | ૮૧૧ | ૧૦૨૫ |
| ૭ | એરંડા | ૧૧૩૦ | ૧૧૩૦ |
| ૮ | સફેદ તલ | ૨૧૫૧ | ૨૧૫૧ |
| ૯ | કાળા તલ | ૪૫૦૦ | ૪૫૦૦ |
| ૧૦ | તુવેર | ૧૧૬૦ | ૧૧૬૦ |
| ૧૧ | ધાણા | ૧૭૨૬ | ૧૭૨૬ |
| ૧૨ | બાજરો | ૩૨૫ | ૪૮૧ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૧૩૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૩૫૧ | ૨૩૫૧ |
| ૩ | તલ કાળા | – | ૨૯૦૦ |
| ૪ | કપાસ | ૯૦૦ | ૧૪૫૦ |
| ૫ | બાજરો | ૩૭૩ | ૫૪૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૭૧ | ૫૮૨ |
| ૭ | જુવાર | ૪૫૧ | ૯૫૯ |
| ૮ | મકાઈ | ૪૪૮ | ૪૪૮ |
| ૯ | મગ | ૭૫૦ | ૯૩૧ |
| ૧૦ | મઠ | ૭૦૦ | ૭૦૦ |
| ૧૧ | અડદ | ૮૪૧ | ૧૧૫૧ |
| ૧૨ | ચણા | ૭૫૦ | ૧૦૧૨ |
| ૧૩ | એરંડી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૪ | સોયાબીન | ૫૫૦ | ૮૭૧ |

